આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વાપી પંથકના ખરાબ રસ્તાઓથી શ્રીજી ભક્તો ચિંતામાં

### વાપી નગર અને ગ્રામ્ય વિસ્તારોના અનેક રસ્તાઓ આજે પણ ખરાબ અવસ્થામાં : તંત્ર નિંદ્રાધીન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨ :** આ વર્ષે વાપી પંથકના રસ્તા પરના ખાડાઓ અવરોધો દૂર કરનાર ગણપતિ બાપ્પાના આગમનમાં સૌથી મોટો અવરોધ બની શકે છે. ભગવાન ગણેશની મૂર્તિઓને ઘર અને પંડાલમાં સુરક્ષિત રીતે પહોંચાડવાને લઈને ભક્તોમાં ચિંતા જોવા મળી રહી છે. ૭ સપ્ટેમ્બરથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જાહેર સ્થળોથી લઈને અનેક ઘરો સુધી ભગવાન ગણેશના સ્વાગતની તૈયારીઓ થઈ રહી છે. પંડાલોમાં પણ ભગવાનનું આગમન શરૂ થઈ ગયું છે. પરંતુ વાપી નગરપાલિકા નોટિફાઇડ વિસ્તાર અને ગ્રામ્ય પંથકના રસ્તાઓની ખરાબ હાલતને કારણે ભગવાનની મૂર્તિને સ્થાપન સ્થળ સુધી સુરક્ષિત રીતે લઈ જવા માટે ભક્તોએ ભારે કાળજી લેવી પડે છે. વાપીના મુખ્ય માર્ગો અને શહેરના માર્ગો પર ઠેર-ઠેર ખાડાઓ પડી ગયા છે. આ રસ્તાઓ પર આડોડાઈ કરતા વાહનોમાં અવરજવર કરતી વખતે બાપ્પાની મૂર્તિ ખંડિત થવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ નગરપાલિકા અને પીડબલ્યુડી રસ્તાઓ પરના ખાડાઓની સમસ્યાનો ઉકેલ લાવવા સક્ષમ નથી. ગીતાનગર બાજુથી સ્ટેશનથી ગુંજન સર્કલ સુધી ઠેર ઠેર ખાડાઓ છે. ગીતા નગર ચોકીથી ગાંધી સર્કલ સુધી ઠેર ઠેર ખાડાઓમાં



રસ્તો જોવા મળે તેવી સ્થિતિ છે. તેવી જ રીતે, પેપિલોન પાસે શહીદ શ્યામજી કૃષ્ણ વર્મા સર્કલ, બ્રીજ નીચે અને ગુંજન સર્કલ ખાતે ખાડાઓ છે. જીઆઈડીસીના મુખ્ય ચાર માર્ગીય પુલની નીચેથી વીઆઈએ સુધીના રસ્તા પર મસમોટા ખાડાઓ પડી ગયા છે. ગણપતિ મહોત્સવને ધ્યાનમાં રાખીને પણ વિભાગ દ્વારા ખાડાઓનું સમારકામ કરવામાં આવતું નથી. જ્યારે છેલ્લા ચાર-પાંચ દિવસથી લગભગ વરસાદ પડ્યો નથી. વાપી ટાઉન ઝંડા ચોકથી ગોલ્ડ કોઈન સર્કલ, જુના ફાટક માર્ગ, હાઈસ્કૂલ સુધીનો માર્ગ તેમજ વાપીના જે ટાઈપથી નવા રેલવે અંડર બ્રિજ થઈ રીંગરોડ નામધા ખડકલા રોડ તેમજ વાપી જીઆઈડીસી પંથકમાં આવેલા અનેક મહત્વના માર્ગો બિમાર હાલતમાં બન્યા છે.

### પીડબલ્યુડી હસ્તકના તમામ રસ્તાની મરામત થઈ ગઈ : નાયબ ઈજનેર

વાપીના પી ડબલ્યુ ડી હસ્તક વિભાગના નાયબ એન્જિનિયર પાર્થભાઈને જ્યારે રસ્તાઓની ખરાબ હાલત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે તેમના વિભાગ હેઠળના તમામ રસ્તાઓની મરામતની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જે રસ્તાઓ પર ખાડાઓ છે તે નગરપાલિકાના વિસ્તાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે વાપી સેલવાસ રોડ પર ચાર રસ્તા સુધીનું વિસ્તરણ પણ PWD હેઠળ આવે છે. જ્યાં પુલની નીચેથી વીઆઈએ માર્ગ સુધી મોટા ખાડા પડી ગયા છે. પરંતુ હજુ સુધી તેનું સમારકામ કરવામાં આવ્યું નથી.







<u>વલસાડમાં ભારે વરસાદથી થયેલા નુકસાન બાબતે</u>

## વલસાડ પાલિકાના વોર્ડ નં.૨માં સહાય તો ઠીક પરંતુ સર્વે પણ ન કર્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨ઃ** વલસાડમાં ભારે વરસાદના પગલે શહેરની ઔરંગા નદીમાં રેલ આવતા નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાતા લોકોને ભારે નુકસાન થયું હતું. જોકે વહીવટી તંત્ર દ્વારા વલસાડ નજીકના હનુમાન ભાગડા ગામે રાહતના ફોર્મ ભરાયા પરંતુ વલસાડ નગરપાલિકા વોર્ડ નંબર ૨માં સૌથી વધુ નુકસાન થયું હવા છતાં વિસ્તારમાં સર્વે કરવામાં નહીં આવતા વલસાડ નગરપાલિકાના માજી પ્રમુખ અને વોર્ડ નંબર બેના માજી સભ્યએ વલસાડ જિલ્લા કલેકટર, પાલિકા વહીવટદાર પાલિકા ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી પાલિકાના વોર્ડ નંબર બે વિસ્તારના અસરગ્રસ્તોને કેમ બાકાત રાખ્યા છે. તે અંગે તાત્કાલિક વિસ્તારમાં સર્વે કરાવી અસરગ્રસ્તોને સહાય આપવાની માંગણી કરી છે.


એક અઠવાડિયા અગાઉ સમગ્ર ગુજરાતની સાથે વલસાડ જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો જેમાં ખાસ કરીને વલસાડ શહેરમાંથી પસાર થતી ઔરંગા નદીમાં રેલના પાણીના કારણે વલસાડ નદી કિનારે આવેલા હનુમાન ભાગડા તેમજ શહેરી વિસ્તારના નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો હતો.

(અનુ. પેજ નં.૭ પર)

**જોઈએ છે**

Vacancy for receptionist (Female) at infinity imaging center, vapi intrested candidate can call at 6354811357 or 9727724257

જી-૧, ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી




Adani Enterprises Limited

adani

This is an advertisement for information purpose only and is not a prospectus announcement.

**An opportunity to subscribe to one of India's largest listed business incubators***

**Public Issue of Secured, Rated, Listed, Redeemable, Non - Convertible Debentures**

Effective Yield (Annual) upto

**9.90% p.a.**

(60 months)^

**ISSUE OPENS TODAY**

**ISSUE CLOSES ON: TUESDAY, SEPTEMBER 17, 2024****

**Allotment on first come, first serve basis#**

- Security Cover: 1.1 X
- Minimum Application: ₹10,000/- (10 NCDs) across all series (and in multiple of ₹1000/- (1 NCD each) thereafter)
- Tenor: 24, 36 & 60 months (with Quarterly, Annual or Cumulative interest payment options)
- Credit Rating: "CARE A+; Positive (Single A Plus; Outlook: Positive)" by CARE Ratings Limited
- Mode of Application in Issue: ASBA only • Subject to applicable tax deducted at source.

* *In terms of market capitalization, Source: BSE / NSE for disclaimer statement please refer to page 259 of the Prospectus dated August 27, 2024.*

^ *For details across all Series please refer to "Issue structure" beginning on page 276 of the Prospectus dated August 27, 2024.*

**DISCLAIMER OF THE ISSUER:** Adani Enterprises Limited ("**Company**"), subject to market conditions, and other considerations, is proposing a public issue of secured, rated, listed, redeemable, non-convertible debentures ("**NCDs**") and has filed the prospectus dated August 27, 2024 read with the corrigendum dated August 31, 2024 ("**Prospectus**"). This announcement does not constitute an offer to sell or solicitation of an offer or invitation to buy any securities in any jurisdiction. Investment in the NCDs involves a degree of risk. Investors should see the Prospectus filed by Adani Enterprises Limited with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli at Ahmedabad, BSE Limited ("**BSE**"), National Stock Exchange of India Ltd.("**NSE**") and Securities and Exchange Board of India ("**SEBI**"), including the section titled *"Risk Factors"* beginning on page 16 of the Prospectus, available on the websites of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com and the websites of the leader managers to the Issue, being, Trust Investment Advisors Private Limited, A. K. Capital Services Limited, Nuvama Wealth Management Limited (together, the "**Lead Managers**") at www.trustgroup.in, www.akgroup.co.in and www.nuvama.com. Investors proposing to participate in the Issue should note that investment in the NCDs involves a high degree of risk and for details in relation to the same, refer to the Prospectus, including the sections titled *"Risk Factors"* and *"Material Developments"* beginning on pages 16 and 227 respectively of the Prospectus dated August 27, 2024. The Company and the Lead Managers accept no responsibility for statements made otherwise than in the Prospectus or in the advertisement or any other material issued by or at the instance of the Company and that anyone placing reliance on any other source of information would be doing so at their own risk.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Draft Offer Document has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to the section titled "*Other Regulatory and Statutory Disclosures*" of the Prospectus on Page 259 for the full text of the disclaimer clause of the BSE.

**DISCLAIMER CLAUSE OF NSE**: It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Draft Prospectus has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Prospectus. The investors are advised to refer to the section titled "*Other Regulatory and Statutory Disclosures*" of the Prospectus on Page 259 for the full text of the "Disclaimer clause of the NSE".

**DISCLAIMER CLAUSE OF USE OF BSE ELECTRONIC PLATFORM:** It is to be distinctly understood that the permission given by the BSE to use their network and software of the Online system should not in any way be deemed or construed as compliance with various statutory requirement approved by the Exchange; nor does it any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements; nor does it take any responsibility for the financial or other soundness of the Company, its promoters, its management or any scheme or project of the Company. It is also to be distinctly understood that the approval given by the Exchange is only to use the software for participating in system of making application process.

**DISCLAIMER CLAUSE OF USE OF NSE ELECTRONIC PLATFORM:** It is distinctly understood by the Issuer that the permission given by NSE to use their Infrastructure should not in any way be deemed or construed as that the compliance with various statutory and other requirements by Adani Enterprises Limited, LMs, etc. are cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the compliance with the statutory and other requirements nor does it take any responsibility for the financial or other soundness of the Issuer, its promoters, its management or any scheme or project of the Issuer. It is also distinctly understood that the approval given by NSE should not in any way be deemed or construed that the prospectus has been cleared or approved by NSE; nor does it in any manner warrant, certify or endorse the correctness or completeness of any of the contents of the prospectus; nor does it warrant that the securities will be listed or will continue to be listed on the Exchange.

\# *Allotment in the public issue of debt securities shall be made on the basis of date of upload of each application into the electronic book of the Stock Exchange in accordance with the SEBI NCS Master Circular. However from the date of over subscription and thereafter, the allotment will be made to the applicants on proportionate basis.*

** *Issue shall remain open for subscription on Working Days from 10:00 AM to 5:00 PM (Indian Standard Time) during the period indicated above and is subject to early closure or extension. For further details, please refer to the section titled "Issue Related Information" on page 271 of the Prospectus*

For the disclaimers of CARE Ratings Limited and CareEdge Research, please refer to page 62 of the Prospectus dated August 27, 2024.
Capitalised terms not defined herein shall have the same meaning as assigned to such terms in the Prospectus dated August 27, 2024.
For detailed terms and conditions, please refer to the Prospectus.
Link to download Abridged Prospectus: https://www.adanienterprises.com/-/media/Project/Enterprises/Investors/Investor-Downloads/Others/Adani-Enterprises-Limited-Abridged-Prospectus.pdf

**Registered and Corporate Office:** Adani Corporate House, Shantigram, Near Vaishno Devi Circle, S. G. Highway, Khodiyar, Ahmedabad - 382 421, Gujarat, India. **Tel.:** +91 (79) 2555 4412; **Fax:** +91 (79) 2555 5500; **www.adanienterprises.com**

Please scan the QR code to view the Abridged Prospectus

Adfactors 299

# અન્ય સમાચારો

## વલસાડની કોમર્સ કોલેજમાં "કેરિયર ઈન બેન્કિંગ" વિષય પર સેમિનાર યોજાયો

### રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, ફોરેન બેંકો, ફાઈનાન્સિયલ કોર્પોરેશન, ખાનગી બેંકો, નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીમાં કારકિર્દી વિશે માર્ગદર્શન આપ્યું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડની શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજમાં એમ.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરિયર ઈન બેન્કિંગ એન્ડ ફાયનાન્સીયલ સેક્ટર વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિષય નિષ્ણાત તરીકે વલસાડની સરદાર ભીલાડવાળા સહકારી બેંક લિમિટેડના જનરલ મેનેજર સિધ્ધાર્થ શુક્લાએ સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને બેન્કિંગ રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, ફોરેન બેંકો, ફાઈનાન્સિયલ કોર્પોરેશન, ખાનગી બેંકો, નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની વગેરેમાં જુદી જુદી ખાલી પોસ્ટ પર રહેલી કારકિર્દીની તકો અને ભરતી પ્રક્રિયા, પરીક્ષા પદ્ધતિ મુજબ સિલેબસની તૈયારી, ઉપયોગી મટીરીયલ, રેફરન્સ પુસ્તકો, વેબસાઈટ, ભરતીની જાહેરાત, કર્મચારીને મળતા લાભો તથા વિવિધ નાણાકીય સંસ્થાઓની કાનૂની સ્થિતિ તથા કામગીરીની પદ્ધતિ વિશે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓ સાથે ઈન્ટરેકસન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રો.ચિરાગ રાણા, ડો. ટી. બી. પટેલ તથા અન્ય અધ્યાપક મિત્રોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. ગિરીશકુમાર રાણાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સંચાલન પ્રા.એમ જી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

**કોઈને વાંધો હોય તો દિન-૧૫માં રજૂ કરવો**

## વલસાડ જિલ્લામાં મેન્યુઅલ સ્કેવેન્જર્સ/ અસ્વચ્છ શૌચાલયનો સર્વે પૂર્ણ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લામાં ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબિલિટેશન એક્ટ- ૨૦૧૩ મુજબ વલસાડ જિલ્લામાં હજુ પણ ક્યાંય હાથથી મેલુ ઉપાડવાનું કામ તથા અસ્વચ્છ શૌચાલય (Insanitary Latrines)ની સફાઈ કામનું કામ થતું હોય તો તેને રોકવા માટે સરકારશ્રી દ્વારા સર્વેની કામગીરી માટે જાહેરાત આપવામાં આવી હતી. જે મુજબની કામગીરી વલસાડ જિલ્લાની તમામ નગરપાલિકા/ગ્રામ્ય વિસ્તારમાં પૂર્ણ કરવામાં આવી છે. આ સર્વે કામગીરીમાં જિલ્લામાં ક્યાંય પણ મેન્યુઅલ સ્કેવેન્જર્સ અને અસ્વચ્છ શૌચાલય (Insanitary Latrines) જોવા મળ્યા નથી. આ સર્વે અંતર્ગત જો કોઈ પણ વ્યક્તિને વાંધો હોય તો સંબંધિતોએ જિલ્લાની સંબંધિત નગરપાલિકા/ગ્રામ્ય વિસ્તારમાં દિન-૧૫માં જરૂરી આધાર પુરાવા સહિત જાણ કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આ બાબતનો કોઈ વાંધો માન્ય રહેશે નહીં જેની નોંધ લેવા જિલ્લા સર્વે સમિતિના અધ્યક્ષ - વ - જિલ્લા કલેકટરએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વલસાડ જિલ્લામાં દૈનિક ધોરણે રસ્તા પેચવર્કથી લોકોને રાહત

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** ચોમાસાની ઋતુમાં વલસાડ જિલ્લામાં પડેલા સાર્વત્રિક ભારે વરસાદને કારણે પંચાયત માર્ગ અને મકાન વિભાગ વલસાડ હસ્તકના કૂલ ૨૬૩ જેટલા રસ્તાઓને તેમજ ૪૨ જેટલા ડૂબાવ કોઝવે/નાળાના એ-ોચ સ્લેબ/વેરીંગ કોટને નુકશાન નુકશાન થયું હતું. જેને પંચાયત માર્ગ અને મકાન વિભાગ, વલસાડના તાબા હેઠળની પેટા વિભાગીયઓ કચેરીઓના અધિકારી / કર્મચારીઓ દ્વારા સતત સ્થળ મુલાકાત કરી અંદાજિત ૩૫ થી વધુ જે.સી.બી., ૫૫ થી વધુ ડમ્પર/ટ્રેકટર, રોલર તથા અન્ય મશીનરીઓ અને ૧૨૫ જેટલા લેબરો દ્વારા દૈનિક ધોરણે મેટલ/જી.એસ.બી/વેટમિક્સ વિગેરે મટિરીયલથી પેચ વર્કની કામગીરી પૂર્ણ કરી રસ્તાને વાહન વ્યવહાર માટે ટ્રાફિકેબલ બનાવાયા. પેચ વર્કની કામગીરી નિયમિત ધોરણે ચાલુ છે.



હાલમાં જ તા.૨૫ ઓગસ્ટના રોજ થયેલા સરેરાશ ૧૦ ઇંચ થી વધુ વરસાદના કારણે પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૧૪૬ રસ્તા ઓવર ટોપીંગના કારણે બંધ થયા હતા. વરસાદ બંધ થઈ પાણી ઓસરતા થયેલા નુકશાનને રીપેર કરી ૧૪૫ રસ્તાઓનો વાહનવ્યવહાર માટે પુનઃ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે કપરાડા તાલુકોનો ૧ રસ્તો ડૂબાવ કોઝવેને કારણે જે હાલ બંધ છે. જેના ઉપર સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેજર બ્રિજના બાંધકામ ની મંજૂરી મળી છે. જેની કામગીરી આગામી સમયમાં શરૂ કરવામાં આવશે.

**શ્રી સાલાર હનુમાન પ્રચાર મંડળ દ્વારા**

## તળાવપાડા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** શ્રી સાલાર હનુમાન પ્રચાર મંડળ દ્વારા તળાવપાડા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભીખમમચંદજી જૈન, વલસાડ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ અને બાળ મહિલા મિત્ર ગુજરાત સરકારના પિયુષભાઈ શાહ, વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ અને ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૧૦ બેસ્ટ ટીચરનો એવોર્ડ પ્રાપ્ત કરનાર અસરફભાઈ ચુડાસમાજી, અન્તુભાઈ, તેજપાલ બડેમેચાજી, બજરંગભાઈ, હિતેશભાઈ પૂનમિયા, ભીલાડના તલાટી/મંત્રી નિરાલીબેન, કપિલભાઈ જાદવ વગેરે મહાનુભાવો આ કાર્યક્રમને દિપાવવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય મનોજ ટંડેલ શાળા પરિવાર વતી પુષ્પગુચ્છ આપી સૌનું સન્માન કર્યું હતું. ધોરણ- ૧ થી ૮ સુધીના તમામ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ, ઉપસ્થિત તમામ મંચસ્થ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્કૂલબેગ, પેન-પેન્સિલ, રબડ, સંચા, નોટબુક, અભ્યાસલક્ષી શૈક્ષણિક કીટ આપી, હળવો નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. અંતમાં શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળ વતી અશરફ સાહેબે કહ્યું હતું કે, હમ જહાંમેં જહાં ભી જાયે, હર ચહેરે પે મુસ્કાન રહે. હમ હસે - ના હસે, મગર...હસ્તા હિન્દુસ્તાન રહે.

ઉપશિક્ષિકા મનીષાબેન જાદવે સૌનાં સાથ અને સહકારથી કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડુંગરીની સાર્વજનિક હાઈસ્કૂલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** શિક્ષણ અને સંશોધનના પરિપેક્ષ્યમાં વિશ્વ ફલકે જ્યારે ભારતે પોતાનો ડંકો વગાડ્યો હોય એવા ઈસરોના દરેક વૈજ્ઞાનિકોના અથાગ પ્રયત્નોથી ચંદ્રયાન -૩ ને આપણે સફળતાપૂર્વક ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરાવી શક્યા છીએ. આવા વૈજ્ઞાનિક અભિગમને સંદર્ભમાં રાખીને શાળા કક્ષાએ વિદ્યાર્થીઓમાં રહેલી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને પોતાની શક્તિ દ્વારા ઉજાગર કરવાના શુભ હેતુથી ડુંગરી વિભાગ કેળવણી મંડળ સંચાલિત સાર્વજનિક હાઈસ્કૂલ ડુંગરીમાં તારીખેં ૨૯ અને ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ગણિત- વિજ્ઞાન પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ પાંચ વિભાગો પૈકી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ મળીને ૮૯ કૃતિઓ રજૂ કરાઈ. શાળામાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો અભિગમ કેળવાય સંશોધન ક્ષેત્રે અને દેશના વિકાસમાં પોતાનું યશસ્વી યોગદાન આપી શકે તથા નવી પ્રેરણા મળે એ હેતુસર શાળાના આચાર્ય રીતેશકુમાર ડી.પટેલ સાહેબના માર્ગદર્શન તથા વિજ્ઞાન શિક્ષકઓના પૂર્ણ સહયોગ અને સહકારથી, કેળવણી મંડળના પ્રમુખ ચંદુભાઈ એન.પટેલ તથા કારોબારી સભ્યઓની ઉપસ્થિતિમાં આ વિજ્ઞાન મેળાનુ પ્રદર્શન આજુબાજુમાં અભ્યાસ કરતા પ્રાથમિક શાળાના બાળકો તથા ગ્રામજનો માટે બે દિવસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં પસંદગી પામેલ કૃતિઓના બાળકોને શાળાના શિક્ષકો દ્વારા પ્રમાણપત્ર અને મેડલ આપી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. અંતે ભાગ લેનાર સૌ બાળ વૈજ્ઞાનિકોને તથા માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષકો તેમજ વહીવટી વિભાગ, સેવકો તથા અન્ય શિક્ષકોનો શાળા પરિવાર દ્વારા તેમનો આભાર અભિવ્યક્તિ કરવામાં આવ્યો.

## દમણ રેડિયો

**102.3 FM**

**બુધવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે** : ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે** : (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## આહવાનાં ગલકુંડમાં ટેન્ટ હાઉસનાં માલિક દ્વારા જાહેરનામાનો ભંગ કરવામાં આવતા પોલીસ ફરિયાદ

સાપુતારા ૦૨-૦૯-૨૦૨૪ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ચિચપાડા ગામ ખાતે ટેન્ટ હાઉસનાં માલિક દ્વારા ટેન્ટ પ્રવાસીઓને ભાડે આપવામાં આવ્યા હતા. જોકે તે અંગેની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ નહોતી. જેને લઈને ડાંગ જિલ્લાનાં એસ.ઓ.જી.પોલીસ વિભાગનાં પી.એસ.આઈ. એમ.જી. શેખ દ્વારા જાહેરનામા ભંગ અંગેનો ગુનો ટેન્ટ હાઉસ માલિક વિરુદ્ધ નોંધાવ્યો છે. આહવા તાલુકાના ચિચપાડા (ગલકુંડ) ખાતે ટેન્ટ હાઉસનાં માલિક નરેશભાઈ કાશીરામભાઈ ભોંયેએ પોતાના ટેન્ટ હાઉસ પ્રવાસીઓને ભાડેથી આપ્યા હતા. જોકે આ રીતે મકાન માલિક અથવા ટેન્ટ હાઉસનાં માલિક દ્વારા દુકાન કે મકાન અથવા ટેન્ટ ભાડેથી આપ્યુ હોય તો તેમણે તે અંગેની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની હોય છે. જે અંગેનું ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમ છતાં ટેન્ટ હાઉસનાં માલિક નરેશભાઈ ભોયે દ્વારા ભાડુઆત અંગેની માહિતી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આપી ન હતી અને જિલ્લા મેજિસ્ટ્રેટનાં જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેની જાણ ડાંગ જિલ્લા એસ. ઓ.જી.નાં પી.એસ.આઈ.એમ.જી. શેખ તથા પોલીસની ટીમને થતા સ્થળ પર પોહચી તપાસ હાથ ધરી હતી. અને ટેન્ટ હાઉસનાં માલિક નરેશભાઈ ભોયે વિરુદ્ધ સાપુતારા પોલીસ મથકે જાહેરનામા ભંગ અંગેનો ગુન્હો નોંધાવ્યો હતો.હાલમાં સાપુતારા પોલીસની ટીમે જાહેરનામા ભંગ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સુબિરના પિપલપાડામાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૦૩ :** પ્રાકૃતિક ખેતીને -ોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના કલસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે.

ગત તા. ૧૩મી ઓગસ્ટના રોજ ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાના લવચાલી કલસ્ટરમાં સમાવિષ્ટ પિપલપાડા ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમાં કુલ-૪૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં માસ્ટર ટ્રેનર પ્રદીપભાઇ, અને અમુલભાઇ દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.




## આજનું પંચાગ

**તા.** ૦૪-૦૯-૨૦૨૪, **વારઃ** બુધવાર, **તિથિઃ** એકમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૫:૫૭ **સૂર્ય અસ્ત :** ૧૯:૨૬ **ચંદ્રરાશિઃ** કુંભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

## ભગવાન શિવના મંદિરમાં સ્થિત કાચબો ઇન્દ્રિય સંયમનું પ્રતિક છે

**કાચબાની માફક જે ઈંદ્રિયોને અંતર્મુખ કરી શકે છે તે જ ભગવાન શિવને પ્રાપ્ત કરવાની પાત્રતા મેળવી શકે છે.ઈંદ્રિયોને છૂટો દોર આપનારની ભૂંડી દશા થાય છે એટલે જ શિવાલયમાં નંદી(ધર્મ) તથા ભગવાન શિવની વચ્ચે કાચબો મૂક્યો છે**



શિવાલયમાં ભગવાન શિવ અને નંદીની વચ્ચે કચ્છપ(કાચબો) મૂકેલો છે. કાચબો ઈન્દ્રિય નિગ્રહ અને સંયમનું પ્રતિક છે. શ્રીમદ ભગવદગીતા(૨/૫૮)માં સ્થિતપ્રજ્ઞ પુરૂષને કાચબાની ઉપમા આપી છે. જેવી રીતે કાચબો બધી બાજુઓથી પોતાનાં અંગોને સમેટી લે છે એવી જ રીતે જ્યારે આ કર્મયોગી ઈન્દ્રિયોના વિષયોથી ઈન્દ્રિયોને બધી રીતે હટાવી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઇ જાય છે. જ્યારે કાચબો ચાલે છે ત્યારે તેના ચાર પગ, એક પુંછડી અને મસ્તક આ છ અંગો દેખાય છે પરંતુ ભય દેખાતાં જ કાચબો પોતાનાં અંગો પોતાની અંદર સમેટી લે છે ત્યારે ફક્ત તેની પીઠ જ દેખાય છે તેવી જ રીતે સ્થિતપ્રજ્ઞ ભક્તો અને જ્ઞાની પુરૂષો ભટકતી પાંચ ઈન્દ્રિયો અને મનને વિષયોમાંથી પાછી વાળી અંદર સમેટી લે તે જ શિવને પ્રાપ્ત કરી શકે છે.શિવ પાસે જવું હોય તો જીવન સંયમી હોવું જોઈએ.ઈન્દ્રિયોનો ગુલામ જ્ઞાન પ્રાપ્તિ કરી શકતો નથી.કાચબો ધીમી પણ સતત સાધનાનું પ્રતીક છે.

નંદી પછી શિવ તરફ આગળ વધતાં કાચબો આવે છે.જેમ નંદીએ અમારા સ્થૂળ શરીરનો પ્રેરક માર્ગદર્શક છે તેમ કાચબો એ અમારા સુક્ષ્મે શરીરનું એટલે કે મનનું માર્ગદર્શન કરે છે. અમારૂં મન કાચબા જેવું કવચધારી,સુદ્રઢ બનવું જોઈએ. જેમ કાચબો શિવની તરફ ગતિશીલ છે તેવી જ રીતે અમારૂં મન પણ શિવમય બને,કલ્યાણનું ચિંતન કરે,આત્માના શ્રેય હેતું પ્રયત્નશીલ રહે તથા સંયમી અને સ્થિતપ્રજ્ઞ રહે એટલે કેમનની ગતિ,વિચારોનો પ્રવાહ, ઈન્દ્રિયોના કામો શિવભાવયુક્ત આત્માના કલ્યાણ માટે જ થાય.. આ વાત સમજાવવા માટે કાચબાને શિવની તરફ ગતિ કરતો બતાવ્યો છે. કાચબો ક્યારેય નંદીની તરફ જતો નથી પરંતુ શિવ તરફ જ જાય છે.અમારૂં મન પણ દેહાભિમુખ નહી પરંતુ આત્માભિમુખ બનેલું રહે ભૌતિક નહી પરંતુ આધ્યાત્મિક જ બનેલું રહે, શિવત્વનું જ ચિન્તન કરે તે જોવું જોઈએ.

આગળ શ્રીમદ ભગવદ ગીતા(૨/૬૦-૬૧)માં કહ્યું છે કે રસબુદ્ધિ રહેવાથી યત્ન કરવા છતાં બુદ્ધિમાન મનુષ્યની પણ મંથન કરી નાખવાના સ્વભાવની આ ઈન્દ્રિયો તેના મનને બળપૂર્વક હરી લે છે. કર્મયોગી સાધકે એ તમામ ઈન્દ્રિયોને વશમાં કરીને મારા પરાયણ થઇને બેસવું કારણ કે જે સાધકની ઈન્દ્રિયો વશમાં હોય છે તેની જ બુદ્ધિ સ્થિર છે. ઈંદ્રિયો બહુ જ બળવાન છે,સ્થિર થયેલા તથા અંતર્મુખ થયેલા મનને જેમ બળવાન પવન નૌકાને ખેંચી લઈ જાય છે તેમ બળજબરીથી વિષયો તરફ ખેંચી લઈ જાય છે એટલે પ્રથમ તે બધી ઈંદ્રિયોનો સંયમ કરી તેમને અંદર (કાચબાની માફક) સમેટી લે પછી મારા પરાયણ થઈને રહેવું. ચંચળતાનાં અનેક કારણો છે. મન તો ચંચળ છે જ પણ સ્થિર થયેલા મનને પણ ઈંદ્રિયો ફરી ચંચળ કરી મૂકતી હોય છે. આપણે બજારમાં સહજ રીતે ફરી રહ્યા હોઈએ અને ઓચિંતાની આપણી નજર મીઠાઈની દુકાન ઉપર પડે અને દુકાન સરસ શણગારેલી હોય,જુદા જુદા પ્રકારની મીઠાઈઓ મુકેલી હોય તે જોતાં જ આપણી આંખ ત્યાં ચોંટી જાય છે,ખસવાનું મન થતું નથી અને મન પણ ત્યાં ચોટે છે, આંખ મનને ખેંચી લઈ જાય છે.ઘેરથી નીકળ્યા ત્યારે મીઠાઈની કલ્પના પણ નહોતી, વાસના નહોતી પણ જોવામાત્રથી ચંચળ અને પ્રબળ ઈંદ્રિયોએ મનને ખેંચી લીધું. મોઢામાં પાણી આવી જાય છે અને આપણે તે મીઠાઈની દુકાનમાં અનિચ્છાએ પણ પેસી જવાના અને ખવાશે તેટલી મીઠાઈ ખાઈ લેવાના. આ ઈંદ્રિયોનો ઉત્પાત હતો એટલે સંયમી પુરૂષે નીચે જોઈને ચાલવું હિતાવહ છે.અકારણ આમતેમ જોવું તે પણ ઠીક નથી. કોઈ એવી પણ જગ્યા હોય જ્યાં ઈંદ્રિયો ચોંટી જાય, મનને અસ્થિર-ચંચળ બનાવી મૂકે.

કાચબાની માફક જે ઈંદ્રિયોને અંતર્મુખ કરી શકે છે તે જ ભગવાન શિવને પ્રાપ્ત કરવાની પાત્રતા મેળવી શકે છે.ઈંદ્રિયોને છૂટો દોર આપનારની ભૂંડી દશા થાય છે એટલે જ શિવાલયમાં નંદી(ધર્મ) તથા ભગવાન શિવની વચ્ચે કાચબો મૂક્યો છે.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**

## વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૦૩:** લાયન્સ સ્કુલ સેલવાસ દ્વારા આંતર સ્કુલ વકતૃત્વ, ડિબેટ અને એક્સટેમ્પર સ્પીચ પ્રતિયોગિતાનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વાપી અને સેલવાસની ૧૬ (સોળ) જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રતિયોગિતાનુ આયોજન ચાર વિભાગ મા કરવામાં આવ્યું હતું અને ચારેય વિભાગમાં વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓ એ જીત હાંસલ કરી છે. જેમાં ધોરણ અગિયારનો વિદ્યાર્થી રિગ્વેદ મિશ્રા એ એક્સટેમ્પર સ્પીચ પ્રતિયોગિતામા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ધોરણ દસની વિદ્યાર્થીની મોનિકા શર્મા ડિબેટ પ્રતિયોગિતા (પક્ષ) મા પ્રથમ સ્થાન જયારે ધોરણ દસ ની વિદ્યાર્થીની ખુશી કુમારીએ ડિબેટ (અપક્ષ) માટે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. જયારે વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ આઠની વિદ્યાર્થીની સત્યા ચૌબે એ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કર્યું છે અને કાવ્ય પઠન પ્રતિયોગિતામા ધોરણ ચારની વિદ્યાર્થીની પરિધી પાટીલે તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓ અને તેમની માર્ગદર્શક ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## વાપી કે.બી.એસ. કોલેજની ચેસ (યુવતી) ખેલાડીઓનું સારુ પ્રદર્શન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૦૩:** ચણોદ સ્થિત KBS કોમર્સ અને નટરાજ પ્રોફેશનલસાયન્સિસ કોલેજ વાપીની ચેસ (મહિલા) ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. ટીમેબારડોલી ખાતે આવેલ વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજમાં ૧૬ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ યોજાયેલા યુનિવર્સિટી દ્વારા આયોજિત ઈન્ટર કોલેજ શતરંજ (મહિલા) ટુર્નામેન્ટમાં બીજો સ્થાન મેળવ્યો છે. ટીમના સભ્યો જેમણે આ પ્રદર્શન કર્યું છે તે આ મુજબ છે. ૧. કૃતિકાશર્મા (વ. બ. ગૃ.) ૨. કાજલ ત્રિપાઠી (T.Y.B.Com.) ૩. જ્યોતિ ગઢવી (T.Y.B.Com.) ૪. મોનિકા સિંહ (S.Y.B.Com.) ૫. શ્રાવણી ગંગુર્ડે (S.Y.B.Sc. Microbiology). આચાર્યડૉ. પૂનમ બી. ચૌહાણે તમામ ખેલાડીઓ અને તેમના માર્ગદર્શકો, કોલેજના ફિઝિકલ એજ્યુકેશન શિક્ષકો ડૉ. મયુર પટેલ અને રોહિત સિંહને મહેનત કરી આ ટુર્નામેન્ટમાં જમાવટ કરીને કોલેજનું નામ રોશન કરવા અને આ શાનદાર સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા

## રોલાની ૧૦૬ શ્રમિક બહેનોને માજી સરપંચ અને સરપંચે વિમાન માર્ગે ગોવાની સફર કરાવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૩:** મનરેગા યોજનામાં કામ કરતી રોલા ગામની ૧૦૬ જેટલી શ્રમિક બહેનોને રોલા ગામના સેવાભાવી અને માજી યુવા સરપંચ અને યુવા સરપંચ દ્વારા વિમાન મારફતે ગોવાની સફર કરાવી મહિલાઓનું સપનું સાકાર કરાવતા તેઓ ગદ ગદિત થઈ ગઈ હતી.

એકવાર વિમાનમાં બેસવાનો સપના તો લોકો જોતા જ હોય છે. પરંતુ ગરીબી મોંઘવારી કે અન્ય કોઈ કારણોસર પોતાના સપના સાકાર કરી શકતા નથી. ત્યારે વલસાડ નજીકના રોલા ગામે રહેતા સેવાભાવી માજી યુવા સરપંચ ચિંતન ઉર્ફે ચિંટુ પટેલ અને ગામના યુવા સરપંચ જીનલભાઈ પટેલ તેમજ તેમની ટીમ દ્વારા રોલા ગામે મનરેગા યોજનામાં કામ કરતી શ્રમિક બહેનોને એકવાર વિમાનમાં બેસાડી તેઓના સપના સાકાર કરવા માટે વિચાર આવ્યો હતો. આ વિચારને હકીકતમાં બદલવા માટે ગામના માજી સરપંચ ચિંતન પટેલ અને સરપંચ જીનલ પટેલ તેમની ટીમે રોલા ગામમાં મનરેગા યોજનામાં કામ કરતી ૧૦૬ બહેનોને વિમાનમાં બેસાડી ગોવાના પ્રવાસે લઈ ગયા હતા.



પ્રથમ વાર વિમાનમાં મુસાફરી કરનારી શ્રમિક બહેનો ગદગદિત થઈ ગયા હતા. જોકે આ શ્રમિક બહેનોનું સ્વપ્નને સાકાર કરાવી એક યાદગાર, રોમાંચક અને અવિસ્મરણીય વિમાનની સફર કરાવી સમગ્ર ગુજરાતમાં કદાચ એવી પ્રથમ પ્રવાસ હશે. સેવાભાવી માજી સરપંચ ચિંતન પટેલ અગાઉ પણ ગામની પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને વિમાન માર્ગે ગોવાની સફર કરાવી હતી. જોકે આ સિવાય સેવાભાવી ચિંતન પટેલ ગામમાં ગરીબ લોકોને આર્થિક રીતે કે અન્ય રીતે મદદરૂપ થતા હોય છે. રોલા ગામની ગોવા પ્રવાસે ગયેલી ૧૦૬ શ્રમિક બહેનોને ત્યાં રહેવા જમવાની ફરવાની તમામ સુવિધાઓ કરવામાં આવી હતી.

## શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા ૧૪ મો મહાદેવજી દર્શન કાર્યક્રમ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૩:** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા ૧૪ મો મહાદેવજી દર્શન માટે પ્રતિવર્ષની જેમ પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવજી દર્શન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિરાંકેન્દ્ર વલસાડ થી ૧૫૭ ભાવિક ભક્તો સાથે ૩ બસનું પ્રસ્થાન સમાજના કુમુદબેન ગોહિલ, વિપુલભાઈ મગોદિયા અને બીપીનભાઈ માહ્યાવંશી ના હસ્તે ફુલહાર તેમજ નાળિયેર વધેરી હર હર મહાદેવના નારા સાથે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

બસ વલસાડ નિરાકેન્દ્રથી નીકળી ભજન કીર્તનના સથવારે વલસાડના સુપ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવના દર્શને પહોંચ્યા. મહાદેવજીના દર્શન કરી સૌ ભાવિક ભક્તો અભિભૂત થયા હતા. પાર નદીને કીનારે આવેલ અતુલેશ્વર મહાદેવના દર્શન કરી રાબડામાં આવેલા માં વિશ્વંભરીનાં ચરણોમાં વંદન કરી ધરમપુર ભાવભાવેશ્વર મહાદેવનાં દર્શને ઉપડયા. નાધઈમાં આવેલ પૌરાણિક મંદિર ગુપ્તેશ્વર મહાદેવની પૂજા અર્ચના કરી સૌ ભાવિક ભક્તોએ પોતાના ટિફિનમાં લઈ ગયેલા ભોજનનો આસ્વાદ માળી તૃપ્ત થયા હતા.

કાર્યક્રમના મહાનુભાવોનું સંસ્થાના કાર્યકરોના હસ્તે પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે સૌથી વરિષ્ઠ એવા સવિતાબેન કેશવભાઈ બલસારા (વાડી વલસાડ પારડી) તેમજ અંબુભાઈ સોમાભાઈ રાઠોડ (કુંભારીયા)નું શાલ અને બુકે દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના રક્તદાતા કુંજનભાઈ વાડીવાલા (લીલાપોર)નું યુવાન વયે અવસાન થવાથી ભક્તોએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી અને બે મિનીટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ હર હર મહાદેવનાં નાદ સાથે ઉનાઈ તરફ પ્રયાણ કર્યુ હતું.

ઉનાઈ માતાના મંદિરે દર્શન કરી, કુંડમાં રહેલા ગરમ પાણીનાં અમી છાંટણા લઈ માતાજીનાં ગરબાની રમઝટ જામી. અનાવલ ખાતે શુકલેશ્વર મહાદેવનાં આશીર્વાદ લઈ અમે સૌ ભાવિક ભક્તો વલસાડ જવા માટે રવાના થયા. આખા દિવસના સુખદ પ્રસંગોને વાગોળતા વાગોળતા રાત્રે વલસાડ પહોંચી હર હર મહાદેવ ના નાદ સાથે છુટા પડ્યા હતા.સંસ્થા તમામ ભાવિક ભક્તો, દાતાઓ, કાર્યકરો તેમજ સ્વયંમ સેવક તરીકે સેવા આપનાર તમામ દીકરા દીકરીઓનો આભાર માન્યો હતો.

## દમણમાં રાજભાષા વિભાગ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ,તા.૩:** રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડિયાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ દિવસે હિન્દી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજભાષા વિભાગે ૧૪મી સપ્ટેમ્બર સુધી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વિદ્યાર્થીઓ માટે ઘણી સ્પર્ધાઓનું આયોજન કર્યું છે.

હિન્દી પખવાડિયામાં ટૂંક સમયમાં કવિતા લેખન, હિન્દી ભાષ્ય, ડ્રાફ્ટ લેખન, શ્રુતલેખન, હિન્દી ટાઈપિંગ, હિન્દી દેશભક્તિ ગીતો, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. વિજેતાઓને હિન્દી દિવસ પર ઈનામોથી સન્માનિત કરવામાં આવશે.

## સુરખાઈ ધોડીયા સમાજની વાડીમાં સંવિધાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### આદિવાસી સમાજમાં સંવિધાન અંગેની વિસ્તૃત જાણકારી અપાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ,તા.૩:**નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના રાનકુવા પાસે સુરખાઈ ખાતે આદિવાસી ભવન સંકુલ (જ્ઞાન કિરણ ધોડિયા જ્ઞાતિ મંડળ) પ્રખ્યાત છે જ્યાં પહેલી સપ્ટેમ્બર ખેડ સત્યાગ્રહના દિવસે આદિવાસી સમાજમાં કેટલીક ગેરસમજ દૂર કરવા અને સંવિધાન અંગે જાગૃતિ લાવવા માટેનો કાર્યક્રમ આદિવાસી મોરચા પ્રમુખ નવસારી જિલ્લાના અરવિંદ ગરાસીયા દ્વારા આયોજિત થયો હતો

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરી ઉપસ્થિત મહાનુભાવોએ ડો.બાબાસાહેબ આંબેડકર,ભગવાન બિરસા મુંડા અને ભારતમાતાનાં ચરણોમાં પુષ્પ અર્પણ કરી વંદના કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે એડવોકેટ-ભુપેન્દ્રભાઈ રાઠોડ અને એડવોકેટ રાજેશભાઈ જોડીયા(સુરતના સુખ્યાત વકીલ )એ એમનાં વકતવ્યમાં જણાવ્યું હતુ કે ભારતરત્ન ડો.ભીમરાવ રામજી આંબેડકર ભારતીય સંવિધાનના જનક અને મુખ્ય વાસ્તુકાર હતા.૧૯૪૭ માં સંવિધાન રચનારી મસૌદા સમિતીના અધ્યક્ષ તરીકે એમને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ભારતીય સંવિધાન એટલે વિશ્વની સૌથી મોટી લોકશાહીનો ધર્મગ્રંથ (અહીં ધર્મ એ કર્તવ્યના કે ફરજના રુપમાં ). ડૉ. બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વ વાળી સમિતી એ તૈયાર કરેલા પ્રારુપ-ભારતનું સંવિધાન એ વિશ્વનું સૌથી મોટુ હસ્તલિખિત સંવિધાન છે. સંવિધાન લાગુ થયાના સમયે તેમા ૩૯૫ અનુચ્છેદ,૮ અનુસુચિ અને ૨૨ ભાગ હતા.જે વર્તમાનમાં વધીને ૪૪૮ અનુચ્છેદ,૧૨ અનુસુચી અને ૨૫ ભાગમાં પ્રવર્તમાન છે.આ સાથે એમા પરિશિષ્ઠ પણ જોડવામાં આવ્યા છે, લોકસભાના બધા ૨૮૪ સભ્યોએ ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે તેમના પર પોતાના હસ્તાક્ષર કર્યા.(આજે પણ લોકસભામાં આ પ્રત ઉપલબ્ધ છે.) આ સભામાં ૧૫ મહિલાઓને સ્થાન અપાયેલુ એ જ ભારતની સ્ત્રી સમ્માન અને દાક્ષિણ્યની વિભાવનાને વિશ્વ સમક્ષ ચરિતાર્થ કરે છે.

૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે ભારતનું સંવિધાન અસ્તિત્વમાં આવ્યુ.આ સમગ્ર ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો.

પ્રદેશ મહામંત્રી પિયુષભાઈ પટેલ,પુર્વ કેબિનેટ મંત્રી-ગણદેવી વિધાનસભાનાં ધારાસભ્ય નરેશભાઈ મ.પટેલ.નવસારી જિલ્લા ભાજપ અધ્યક્ષ ભુરાભાઈ શાહ અને પ્રદેશ એસ.ટી.મોરચાનાં અધ્યક્ષ અર્જુનભાઈ ચૌધરી જેમણે પણ ખુબ જ સરળ ભાષામાં સમજી શકાય એ રીતે બંધારણની સમજુતી આપી હતી અંતમાં પ્રદેશ ઉપાધ્યક્ષ મહેશભાઈ ગામીતે સૌનો આભાર માની કાર્યક્રમનું રાષ્ટ્રગીત ગાઈ સમાપન કર્યું હતું.

## સુબીરમાં રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ડોકટરની માંગ સાથે આવેદનપત્ર પાઠવ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૩:** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકામાં સરકારી રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટર ફરજિયાત હોવી જોઈએ તેવી માંગ સાથે ભારત આદિવાસી સંવિધાન સેના દ્વારા મામલતદાર મારફતે રાજ્યપાલ, મુખ્યમંત્રી અને રાજ્ય આરોગ્ય મંત્રીને સંબોધતું આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.ડાંગ જિલ્લાના સુબીર તાલુકામાં સરકારી રેફરલ હોસ્પિટલ આવેલ છે.જે હોસ્પિટલમાં આજ દિન સુધી આટલા વર્ષોમાં ગાયનેક ડોકટરની નિમણૂક સુધ્ધા કરવામાં આવેલ નથી.જોકે અહીં ગાયનેક ડોક્ટરની પણ જરૂરિયાત પડતી હોય છે.સુબીર તાલુકામાં અંદાજે ૧૦૫ જેટલા ગામોનો સમાવેશ થાય છે ત્યારે તાલુકાની રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટરની ભરતી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.કારણ કે આ પ્રશ્ન સમગ્ર તાલુકાનો છે. તેમજ ઘણી વખત બહેનોએ સોનોગ્રાફી કરવા માટે ૮૦ કિમી દૂર વાંસદા ખાતે જવુ પડતુ હોય છે. સામાન્ય રીતે સંવેદનશીલ સરકાર દ્વારા બહેનો માટે ઘણી ખરી યોજનાઓ તથા સુવિધાઓ કરવામાં આવતી હોય છે. જોકે અહીં ગાયનેકની સુવિધા ન હોવાથી બહેનોએ હેરાન પરેશાન થવું પડતું હોય છે. ત્યારે સોનોગ્રાફીની સુવિધા પણ સરકારી હોસ્પિટલમાં જ કરવામાં આવે તે પણ જરૂરી બન્યું છે.ત્યારે સુબીર તાલુકાની રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ની નિમણૂક કરવામાં આવે તથા સોનોગ્રાફીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા ભારત આદિવાસી સંવિધાન સેના દ્વારા સુબિર મામલતદાર મારફતે રાજ્યપાલ, મુખ્યમંત્રી તથા ગુજરાત રાજ્ય આરોગ્ય મંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## ધરમપુરના શિવાલયોમાં ભાવિક ભક્તો ઉમટ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર,તા.૩:** હિન્દુ ધર્મમાં શ્રાવણ મહિનાને ભક્તિ આરાધનાનો મહિનો માનવામાં આવે છે જ્યાં દરેક લોકો ભગવાન શિવની ભક્તિ કરી ધન્યતા અનુભવે છે દરેક મંદિરોમાં શ્રાવણ મહિનામાં મહાદેવ, મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ધરમપુર પંથકમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ બની રહે જે હેતુથી શ્રાવણ માસના છેલ્લા સોમવારે ધરમપુર પોલીસ મથકે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કથામાં પૂજા અર્ચના માટે ધરમપુર પોલીસ મથકના એ. એસ. આઈ. અમ્રતભાઈ છગનભાઈ પટેલ તેમજ તેમના ધર્મપત્ની બેઠા હતા. આ પ્રસંગે પી. એસ. આઈ. ગોરવભાઈ પટેલ, પોલીસ કર્મીઓએ ભગવાન સત્ય નારાયણની કથાનો લાભ લીધો હતો. આ ઉપરાંત ધરમપુરના શિવાલયોમાં આજે સવારથી જ ભાવિ ભક્તોની ભીડ જામી હતી. આજે શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર હોવાથી બરૂમાળના ભાવ ભાવેશ્વરનું મંદિર, મનહરઘાટ નુ શિવાલય, વિમડેશ્વર મહાદેવનું મંદિર, મોહનગઢનું મોહનેશ્વર મંદિર દશોંદી નુ મહાદેવ મંદિર ત્રણ દરવાજાનું નિયેતેશ્વર ભોલાનાથનું મંદિરમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ભક્તિભાવ સાથે પૂજા અર્ચના કરી હતી.

## પારડીમાં અખિલ ભારતીય મહિલા પરિષદ દ્વારા ભજન સ્પર્ધાનું આયોજન કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર,તા.૩:** પારડીમાં જુની મામલતદાર કચેરીના બાજુમાં આવેલ અખિલ હિન્દ મહિલા પરિષદ ભવનમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં પારડી અને વાપી વિસ્તારના નવ જેટલી બહેનોની ટીમે ભાગ લીધો હતો. અહીં આખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા તાજેતરમાં પવિત્ર શ્રાવણ માસની ઉજવણીના ભાગરૂપે ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં નિર્ણાયક જજ તરીકે વાપીના અગ્રણી ભાવનાબેન જોશી ઉપસ્થિત રહ્યાં હતાં. પારડી



અને વાપી બંને વિસ્તારમાંથી નવ જેટલી બહેનોની ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. લગભગ ૫૦ થી ૬૦ જેટલી બહેનો ભજન સ્પર્ધામાં ભાગ લઈને પ્રથમ દ્વિતીય અને તૃતીય તથા ચોથો ક્રમ મેળવ્યો હતો. જે તમામ બહેનોને પ્રોતસાહિત્ય નામ અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ કલ્પનાબેન દોશી માજી પ્રમુખ હીનાબેન મપારા ઉપપ્રમુખ મીનાબેન કોઠારી ખજાનચી કવિતાબેન દેસાઈ પારડીના અગ્રણી રેખાબેન જાદવ સદસ્ય ભાવનાબેન પંડ્યા સહિત અગ્રણી મહિલાઓના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા બેથી ત્રણ કલાક સુધી આ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પારડી અને વાપી વિસ્તારની બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગણદેવીમાં ભવાની ગ્રુપ દ્વારા શિવ મંદિરે પગપાળા જતા દર્શનાર્થીઓ માટે વિના મૂલ્યે અલ્પાહારની લ્હાણી કરી




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી,તા.૩:** ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી શ્રાવણ મહિનાનું અનેરું મહાત્મ્ય છે શ્રાવણ એટલે ભોળાનાથની ભક્તિ કરવાનો સોનેરી અવસર છે. આજે પણ આ પરંપરા જીવંત છે. ગણદેવી તાલુકામાં બીલીમોરા સોમનાથ દાદા, ગડત કામેશ્વર મહાદેવ, કછોલી ગંગેશ્વર મહાદેવ અને અમલસાડ અંધેશ્વર મહાદેવ મંદિરે દર વર્ષે શ્રાવણ મહિનામાં દેશ-વિદેશથી સેંકડો ભકતો દર્શનાર્થે ઉમટી પડતા હોય છે. જેમાં પણ શ્રાવણનાં છેલ્લા સોમવારનું અનેરું મહાત્મ્ય છે. સેંકડો ભક્તો સમી સાંજ, મધ્યરાત્રીથી પગપાળા વહેલી સવારની આરતીમાં ભાગ લેવા આવે છે. આ પદયાત્રીઓ માટે માર્ગોમાં અનેક શિવ ભક્તો વિનામૂલ્યે ચા, પાણી, ફળાહારની સેવા આપે છે. જેમાં ગણદેવી મામલતદાર કચેરી સામે ભવાની ગ્રુપના યુવાનો પ્રતિવર્ષ એક મહીનાના દરેક સોમવારે સેવાની સુવાસ પ્રસરાવે છે. અને દર્શનાર્થીઓને વિનામુલ્યે ચા, પાણી, ફળોનું પ્રેમથી વિતરણ કરે છે. ભવાની ગ્રુપનો આ પરીવાર સમાન પ્રેમ પામી ભક્તોનો ઉત્સાહ વધારે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભવાની ગ્રુપ ધાર્મિક અને ગૌસેવા, બાઈક રેલી થકી સામાજિક ચેતના જગાવવા માં અગ્રેસર રહે છે. આ ઉપરાંત શ્રાવણ માસના છેલ્લા સોમવારે નવસારી- બીલીમોરા માર્ગ, ચીખલી-બીલીમોરા માર્ગ, અમલસાડ માર્ગ અને કોસ્ટલ હાઈવે ઉપર ઠેર ઠેર પદયાત્રીઓ નાં સ્વાગત, સેવામાં શિવભક્તો રાતભર જાગરણ કરે છે. અનેક સંસ્થાઓ જેમાં જય રાધે ક્રિષ્ન ગ્રુપ, બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ જય જલારામ જન સેવા ટ્રસ્ટ, જલારામ મહિલા મંડળ, શિવ પરિવાર સહિત, અનેક ગણેશ મંડળો અને અનેક યુવાનોના ગ્રુપ દ્વારા ચા, પાણી, ભજીયા, વેફર કેળા, ફળ, સહિત વિના મૂલ્યે મેડિકલની સેવા આપવામાં આવે છે.

## ખેરગામ- વ્હોરા બિરાદર મોઈઝ- જન્નતનશીન થતા સુનુ પડ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ,તા.૩:** ખેરગામ ખાતે દાઉદી વ્હોરા ની સારી વસ્તી છે, જેમાં ગેબનશા બાબા દરગાહની બાજુમાં રહેતા વોહરા બિરાદર મોઈઝ સબ્બીરનું ગત બુધવારે અચાનક જ મગરીબના સમયે દેહાવસાન થતા સમગ્ર ખેરગામ બજાર ગામ સુનું થઈ ગયું છે. ગુટકાનો અતિ શોખીન ૪૪ વર્ષીય મોઈઝ નાનપણથી જ સ્પષ્ટ બોલતો ન હતો અને ભણ્યો પણ ન હતો છતાં તેની યાદશક્તિ સારી, કોઈનો પણ એક પૈસાનો ખાનાર ન હતો. નિર્ભેળ ટીખળખોર હોવાથી કેટલાકે ઘણીવાર માર મારી ઈજાગ્રસ્ત કરતા મા-બાપ દુઃખ અનુભવતા હતા.

બે વર્ષ પૂર્વે પપ્પા સબ્બીરભાઈ અચાનક જન્નત નસીન થતા હુસેની- નાનો ભાઈ દુબઈ લઈ ગયો હતો અને પવિત્ર કરબલાની જાત્રા પણ કરાવી હતી ઈમામ હુસૈન ની શહાદત-પ્રદક્ષિણા કરી ઝરીચુમ્મા વિધિ પણ કરી હતી.

ખેરગામના અખબાર વિતરક વિનોદ મિસ્ત્રીને ત્યાં રોજ સવારે છ વાગે આવી દૈનિકપત્રોમાં પૂર્તી મૂકવા માટે વર્ષોસુધી પ્રેમપૂર્વક મદદ કરી હતી જેના માટે બંડલ રાખવા જ પડતા. દરેક દૈનિકપત્રો વાંચવાનો જોવાનો ભારે શોખ ધરાવતા હતા. એવું કેમ? આ શબ્દ બોલી પોતાની ઉત્કંઠા બતાવતો હતો. નુકસાન ન કરે પણ કંઈ જાણવાની ઈચ્છાથી નીચે બેસી જતાં કેટલાક ઉઠાડતા હતા. જાણવા જોવાની તાલાવેલી હોવાથી ખેરગામ બજારના દરેક દુકાનદારો આજે મોઈઝને ભારે યાદ કરે છે, સુના પડી ગયાં છે. અઠવાડિયા પહેલા જ જન્મદિવસ જતા ૪૫ માં પ્રવેશ કર્યો હતો. નાનો ભાઈ હુસેની એક દિવસ માટે અંતિમ વિદાય કરવા આવ્યો હતો. હવે મમ્માને લઈને ફરી વિદેશ જશે.


**STARS MULTIPURPOSE CO-OPERATIVE SOCIETY LIMITED**

3rd Floor, Door No. 5-9-15, Opposite A.P. Secretariat, Saifabad, Hyderabad-500063

Contact No. : 040-23295940, Email Id: stars.mpcsl@starsmcsl.in (Regd. No. MSCS/CR/940/2014)

**NOTICE**

**THE 11TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF STARS MULTIPURPOSE CO-OPERATIVE SOCIETY LIMITED IS SCHEDULED TO BE HELD ON 27TH DAY OF SEPTEMBER, 2024 ON FRIDAY AT 11:00 A.M. AT ITS REGISTERED OFFICE.**

**AGENDA**

1. To confirm the minutes of last General Body Meeting.
2. To consider and adopt the audited financial statement of accounts for the Financial Year 2023-24.
3. To consider and approve the Auditors' Report and Annual Report for the Financial Year 2023-24.
4. To consider and approve the Audit Compliance Report.
5. To consider and approve the disposal of net profit.
6. To consider and approve the creation of specific reserve and other funds and their actual utilization.
7. To consider and approve the annual budget for the Financial Year 2025-26.
8. To consider and approve the annual action plan for the Financial Year 2025-26.
9. To apprise the list of employees who are relatives of members of the Board or of the Managing Director, if any.
10. To consider and approve the amendments of Bye-Laws, due to the MSCS (Amendment), Act 2023.
11. To apprise the formulation of Code of Conduct for the members of the Board.
12. To apprise the members about the re-conduct of elections of Board by Cooperative Election Authority.
13. To consider and approve the appointment/ re-appointment of Statutory Auditors for the Financial Year 2024-25.
14. To brief the members about the status of payment made through "CRCS Sahara Refund" Portal, till 31.03.2024, in compliance to the order of Hon'ble Supreme Court Dated-29.03.2023.
15. Any other item, if any, with the permission of Chairman.

Place : Hyderabad
Date : 29th August, 2024

By order of the Board
**For Stars Multipurpose Co-operative Society Limited**

Managing Director

**Note :**
In case the required quorum is not present within half an hour of the scheduled time, the meeting shall be adjourned to transact the aforesaid agenda items at 12:00 p.m. on the same day i.e. 27/09/2024 and that no quorum shall be necessary in the adjourned meeting.

# ગુજરાતમાં વરસાદી પાણીમાં ડૂબેલા શહેરોઃ માનવ સર્જિત! આયોજિત નહીં, આડેધડ વિકાસનું પરિણામ!!

**રાજ્યના વલસાડ, નવસારી, વડોદરા, રાજકોટ, જામનગર વગેરે શહેરો જળનગરી બન્યાઃ વડોદરાની વિશ્વામિત્રી નદીનું તોફાન ગેરકાયદે બાંધકામોની ભરમારના કારણેઃ ગુજરાત સરકાર ગેરકાયદે બાંધકામોને કાયદેસર બનાવવામાં દિલચસ્પી દાખવે છે તેના બદલે વરસાદી પાણીના ઝડપી નિકાલનું આયોજન કરે તો પ્રજાને હાલાકીમાંથી મુક્તિ મળેઃ આ વરસાદમાં તમામ તંત્રના માર્ગોએ ઓળખ ગુમાવી દીધીઃ દાદરા નગર હવેલીમાં ગરીબોની જમીન જૂઠવી લેનારા દુર્યોધનો ક્યારે ઝડપાશે!!**



તાજેતરમાં પડેલા વ્યાપક વરસાદે ગુજરાતને જાણે એક રીતે તબાહ કરી દીધું. રાજ્યના નાના-મોટા શહેરો અને ગામડાઓ જળબંબાકાર બની રહ્યા, શહેરો જાણે ઈટલીના વેનીસ શહેરની જેમ જળનગરી બની ગયા, આ વરસાદે એ પણ પુરવાર કર્યું કે આપણે આયોજિત વિકાસ નહીં પરંતુ આડેધડ વિકાસ કરી ઠેર ઠેર માનવ સર્જિત દુર્ઘટનાઓને નોતરું આપવાનું કામ કર્યું છે.

રાજ્યના વલસાડ, નવસારી, વડોદરા, રાજકોટ, જામનગર જેવા કેટલાય શહેરોએ સરોવરનું સ્વરૂપ ધારણ કરી પાણીમાં ડૂબકી મારી હતી. વડોદરામાં વિશ્વામિત્રી નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા વડોદરા શહેરના મોટાભાગના વિસ્તારો પાણીના અજગર પાસમાં સપડાયા હતા. વિશ્વામિત્રી નદી પાછી મગરોના વસવાટ માટે પ્રખ્યાત એટલે ઉભરાયેલા પાણી સાથે ૪૫ જેટલા મગરો પણ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઘૂસી ગયા!

એવો ઉકળાટ પણ ઠાલવવામાં આવ્યો કે વિશ્વામિત્રી નદીના કાંઠે સંખ્યાબંધ ગેરકાયદે બાંધકામોને મંજૂરી આપવાને કારણે આ નદીએ તેની પાણીની વહન શક્તિ ગુમાવી દીધેલી છે. આવી મોકાણ સર્વત્ર છે કુદરતી વહેણની જગ્યાઓમાં પણ બાંધકામો ઠઠાડી દેવાતા પાણીના ભરાવાની વિકટ સમસ્યા સર્જાયેલી છે.

વાપી પાસેની બિલખાડી ઉપર પણ ઉદ્યોગપતિઓ બિલ્ડરો અને અન્ય સ્થાપિત હિતોએ સામૂહિક બળાત્કાર કરી તેની પાણીની વહન ક્ષમતાનું બારમું કરી નાખ્યું હતું. પરિણામે દર ચોમાસામાં છિચડી બની ગયેલી આ નદીના પાણી વાપી નગરના અને જીઆઈડીસી વિસ્તારના રહેણાંક વિસ્તારોમાં તેમજ ઉદ્યોગોમાં ફરી વળતા હતા. અને ભારે ખાના ખરાબી કરતા હતા. લોકમાતા એવી બિલખાડી ઉપરનું આ છીનાળુ વર્ષો સુધી ચાલ્યું હતું. વલસાડના જિલ્લા કલેકટરો સમક્ષ પણ આ સળગતી સમસ્યાની રજૂઆતો થતી રહી હતી પરંતુ પગલા બાબતમાં મોટું મીંડુ જ રહ્યું હતું.

છેવટે હાલના નાણા ઉર્જા અને પેટ્રો કેમિકલ્સના મંત્રી કનુભાઈ દેસાઈએ બિલખાડી ઉપરના બળાત્કાર સામે ત્રીજું લોચન ખોલ્યું અને જિલ્લા કલેકટરનો જોરનો કાન આમડી બિલખાડી ઉપરના અતિક્રમણ કાર્યો સામે પગલાં લેવાની ફરજ પાડેલી પરિણામે છેલ્લા ત્રણેક વર્ષ ઉપર બિલખાડીને વરસાદી પાણીના સરળ વહનને યોગ્ય બનાવતા હવે બિલખાડીએ ચોમાસામાં વિફરવાનું છોડી દીધું છે!

ગુજરાત સરકાર ગેરકાયદે બાંધકામોને ઈન્સ્પેક્શનના નામે કાયદેસર બનાવવામાં જેટલો રસ બતાવે છે તેટલો રાજ્યના દરેક નાના મોટા શહેરોમાં વર્ષો વર્ષ ઉભરાતા વરસાદી પાણીના જડબેસલાક નિકાલનું આયોજન કરે તો આમ પ્રજા ઘણી બધી હાલાકીમાંથી છુટકારો મેળવે પણ વો દિન કહા....?

**દમણગંગાના તીરેથી**



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
**મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯**

આ ચોમાસામાં પહેલા એક ધારા વરસાદને કારણે જાણવા પ્રમાણે ૪૦ જેટલા માનવીઓ મોતને ભેટ્યા છે હજારોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે. બચાવ કાર્ય માટે લશ્કર અને એનડીઆરએફ રેસ્ક્યુ ટીમને કામે લગાડવાની નોબત આવી હતી. રાજ્યના નાના મોટા શહેરો અને ગામડાઓમાં લોકોના ઘરોમાં ત્રણ ત્રણ દિવસ સુધી વરસાદી પાણી ઘર જમાઈ બની ગયું એ સંબંધિત તંત્રની શરમ જ કહેવાય આ વરસાદમાં નેશનલ હાઈવેથી માંડી તમામ તંત્રના માર્ગો છાણના લીપળની જેમ ધોવાઈ ગયા, આ ઊંડા ખાડા વાળા માર્ગોને દુરુસ્ત કરવા જે તે તંત્રએ ગુનાહિત ઉદાસીનતા બતાવી હોવાનું ખુલ્લું થયું હતું. કહો સંબંધિત તંત્ર સંવેદનહીન અને ઉત્તરદાયિત્વ વિનાનું બની ગયું હતું. બીસ્માર માર્ગોને કારણે કેટલાય વાહન ચાલકોએ જીવ ગુમાવ્યા છે છતાં જાણે કોઈના પેટનું પાણી હાલતું નથી જ્યાં જુઓ ત્યાં સબ સબકી સમલિયો જેવો વલણ જોવા મળે છે.

**દાદરા નગર હવેલીમાં ભૂમિહીનોની જમીનો ચાઉ કરનારા દુર્યોધનો ક્યારે સાણસામાં આવશે?**

સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાં જમીન સુધારણા કાયદા અન્વયે જમીન માલિકોની ટોચ મર્યાદા કરતા વધારાની જમીન સરકારે હસ્તગત કરી ભૂમિહિન આદિવાસીઓને જીવન નિર્વાહ માટે આપી હતી.

વર્ષ ૧૯૯૩માં કેન્દ્રમાં નરસિંહ રાવની સરકાર હતી ત્યારે તેમના નાણા પ્રધાન મનમોહન સિંહે દાદરા નગર હવેલીમાં ઉદ્યોગોનો વિકાસ થાય એ માટે ૧૫ વર્ષ માટે ટેક્સ વેકેશન જાહેર કર્યું હતું જેના પગલે આ સંઘ પ્રદેશમાં જમીન ખરીદવા ઉદ્યોગપતિઓ અને સ્થાપિત હિતોની મહાદોડ શરૂ થઈ હતી તે સમયે આયોજિત ઔદ્યોગિક વિકાસ જેવું કશું હતું જ નહીં એટલે જેને જ્યાં જમીન મળી ત્યાં ખરીદી આડેધડ ઉદ્યોગો ઊભા કરી દીધા હતા!

એ પછી લેન્ડ માફિયાઓનો ડોળો ભૂમિહિન આદિવાસીઓને ખેતી માટે સરકારે આપેલા પ્લોટો ઉપર ઘૂમ્યો હતો અને તેઓએ ''ઈરોવો કેબલ પાવર ઓફ એટર્ની'' અને ''વસિયતનામા''નો ખેલ પાડી ગરીબ આદિવાસીઓના પ્લોટો ગજવે ઘાલવાની શરૂઆત કરી હતી.

એવી શક્યતા પણ છે કે ભૂમિહિનોને આજીવિકા માટે અપાયેલા આ પ્લોટો ચાવ કરી જવા વહીવટ તંત્રના સંબંધિત અધિકારીઓનો પણ લેન્ડ ગ્રેબરોને પૂરો સાથ મળ્યો હોવા જોઈએ કેમ કે જે તે સમયે એવી વાત વહેતી થયેલી કે વહીવટ તંત્રએ ભૂમિહિનોના પ્લોટને ખરીદવા એવી શરત રાખેલી કે જે ભૂમિનોની જમીન ખરીદી હોય તે પ્લોટ ધારકને ખરીદનારને દોડી જમીન ગમે ત્યાં આપવી! આ નિયમ બનાવનારા પણ ગરીબોના દુશ્મન જ કહેવાય!

ભૂમિહિનોનું આ રીતે વસ્ત્ર હરણ કરનારા દુર્યોધનોનું તાંડવ નૃત્ય લાંબો સમય બેરોકટોક ચાલતું રહ્યું.

એ દરમિયાન અમે ભૂલતા ન હોય તો વર્ષ ૨૦૧૫માં મુંબઈની સીબીઆઇ અધિકારીની કચેરીના લાંચ રુશ્વત વિરોધી ખાતાના અધિકારી સુર્વે અને ઈકોનોમિકોઓફેન્સ વિંગના અધિકારી મોરેની ટીમે બે દિવસ સેલવાસમાં ધામા નાખ્યા હતા અને સ્થાનિક રેવન્યુ કચેરીઓમાંથી ૨૨૪ જેટલી ફાઈલોની ચકાસણી કરવામાં આવી હતી. ૧૯૯૦થી ૨૦૧૪ દરમિયાનના ૨૪ વર્ષમાં લેન્ડ માફીયાઓએ અધિકારીઓ સાથેની મીલીભગતમાં મોટો ખેલ પાડિયાની ફરિયાદ તે સમયના શિવસેનાના એક આદિવાસી કાર્યકરે કરી હોવાનું બહાર આવ્યું હતું.

**સીબીઆઈના અધિકારીઓની આ ફાંફોસ પણ વાંઝણી નીવડી હતી!**

એ પછી તારીખ ૧૭-૬-૨૦૨૨ ના દિવસે આદિવાસી એકતા પરિષદના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ પ્રભુ ટોકીયાએ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ, નગર હવેલીના કલેકટર, સીબીઆઇ મુંબઈ કચેરી જમીન સુધારણા અધિકારી, દાદરા નગર હવેલીને એક પત્ર પાઠવી ભૂમિહિન આદિવાસીઓની જમીન વસિયતનામાના નામે ગજવે ઘાલનારાઓની તળિયે જાટક તપાસ કરવાની માંગણી કરી, આ એક મોટું કૌભાંડ હોવાનું પણ કર્યું હતું. પ્રભુ ટોકિયાએ પોતાની રજૂઆતમાં એમ પણ જણાવ્યું હતું કે ભૂમિહિનોની જમીન સંદર્ભની સુનવણી કલેકટર દ્વારા કરનાર હતી પરંતુ તેને બદલે નીચલી કક્ષાના અધિકારી સમક્ષ આ સુનવણી કરી તપાસનો વિટો વાળી દેવાયો હોવાનો સ્પષ્ટ જણાયું છે.

રજૂઆત કરતાએ પોતાની રજૂઆતમાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના સાતબારના ઉતારા કલેકટર સમક્ષ રજુ કરી લેન્ડ માફિયાઓએ ખેલ પાડેલો હોવાનું જણાવેલું હતું. પ્રભુ ટોકિયાના જણાવ્યા પ્રમાણે પ્રદેશના ભૂમિહિનોને આશરે ૧૦,૦૦૦ પ્લોટો ફાળવવામાં આવ્યા હતા, આ રજૂઆતને આજે બે વર્ષ થવાના એ પછી રજૂઆત કરતાએ પોતાની રજૂઆતના સંદર્ભમાં તપાસ કર્યા સુધી આવી છે તે જાણવા કોશિશ કરી છે કે નહીં તેની કોઈ જાણકારી મળતી નથી!

**ફરી એ જ વાત દોહરા વાઈ!**

છેલ્લી ખબર પ્રમાણે આ પ્રકરણમાં દાદરા નગર હવેલી શિવસેનાના હાલના અધ્યક્ષ શ્વેતલ ભટ્ટે દાદરા નગર હવેલીના કલેક્ટર પ્રિયાંક કિશોરને પત્ર લખી ગરીબ ભૂમિહિનોની જમીન હડપ કરનારાઓનો નકાબ ખોલવા વિનંતી કરી છે.

આશા રાખીએ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી, દમણ-દીવ અને લક્ષ્યદીપના લોકાભિમુખ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ ગરીબોની જમીન આજકી નારાઓને કાયદાની તીક્ષણ ધાર બતાવશે, કેમકે વર્ષ ૨૦૧૩માં દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ આફતાબ આલમના વડ પણ હેઠળની ખંડપીઠે એવો ચુકાદો આપ્યો હતો કે આદિવાસીઓને તેમની જમીન જાળવી રાખવાનો અધિકાર છે, કેમકે જમીન તેમની સૌથી અગત્યની સંપત્તિ છે. આદિવાસીઓ તેમની જમીન સાથે લાગણીથી પણ મજબૂર રીતે જોડાયેલા છે ત્યારે તેમના હક્કોનું જતન કરવું જરૂરી બને છે. દાદરા નગર હવેલીમાં લેન્ડ ગ્રેબિંગનો કાયદો સમયની માંગ.

# ગુજરાતમાં નાળિયેરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં સતત વધારો

**દાયકામાં નાળિયેરીનો આશરે ૪૯૦૦ હેક્ટર વાવેતર વિસ્તાર વધ્યો : કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ**



સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ ખાસ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ નાળિયેરના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા ઉમદા આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર નાળિયેરી વિકાસને પુષ્કળ પ્રોત્સાહન આપી રહી છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે નાળિયેર દિવસના સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નાળિયેરી વિકાસની સુવર્ણ કેડી કંડારી હતી. જેના ફળસ્વરૂપે આજે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૯૦૦ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧,૬૩૩ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૨૬,૫૬૧ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટથી વધુ છે.

**ગુજરાતમાં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ પુષ્કળ**

કૃષિ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી અહીં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ છે. ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર ૨૬ હજાર હેક્ટરથી વધીને ૭૦ થી ૮૦ હજાર હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. દરિયાકાંઠાના અન્ય જિલ્લાઓમાં પણ નાળિયેરીનું ઉત્પાદન વધે તે માટે નાળિયેરીના ઉત્પાદનને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**નાણાકીય સહાયથી નાળિયેર ઉત્પાદનને મળશે વેગ**

ગુજરાતમાં નાળીયેરીની ખેતી, ઉત્પાદન અને નાળીયેરી સંબંધિત ઉદ્યોગોના સંકલિત વિકાસને પ્રોત્સાહન આપવા ગત વર્ષે રાજ્ય સરકારે ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ અમલમાં મૂક્યો હતો. ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ માટે ચાલુ વર્ષે રાજ્ય સરકારે રૂ. ૪૩૮ લાખ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતોને નાળિયેરીના વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થયો હોય તેના ૭૫ ટકા મહત્તમ રૂ. ૩૭,૫૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

સાથે જ, નાળીયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૫,૦૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ તમામ સહાય ખેડૂત દીઠ અથવા ખાતા દીઠ ૪ હેક્ટરની મર્યાદામાં સીધી ખેડૂતોના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે પણ ખર્ચના મહત્તમ ૯૦ ટકા મુજબ રૂ. ૧૩,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકારના નાળિયેરી વિકાસ માટેના સરાહનીય પગલાથી ગુજરાતના નાળિયેરી ઉત્પાદનમાં વધારો થશે.

**ઉનાળામાં નાળિયેરની માગ સૌથી વધુ**

ગુજરાતમાં ઉત્પાદન થતા કુલ નાળિયેરમાંથી ૨૦ ટકા નાળિયેરનું ત્રોફા તરીકે, જ્યારે ૪૨ ટકા નાળિયેરનું પાકા નાળિયેર તરીકે ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ૫ ટકા નાળિયેરનું ખેડૂતો પોતાના માટે અને બીજ તરીકે ઉત્પાદન કરે છે. ગુજરાતમાં ઉત્પાદિત થતા આશરે ૩૩ ટકા જેટલા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. બારે માસ મળતા નાળિયેરની માંગ ઉનાળામાં એટલે કે, માર્ચથી જૂન મહિના દરમિયાન સૌથી વધુ હોય છે.

**નાળિયેરના મૂલ્યવર્ધન થકી મબલખ આવક**

ભારતીય સંસ્કૃતિમાં કલ્પવૃક્ષ સમાન નાળિયેરને શ્રીફળનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. નાળિયેર મનુષ્યના સ્વાસ્થ્ય વર્ધનમાં અનેક રીતે આશિર્વાદરૂપ હોવાથી તેનું મૂલ્યવર્ધન પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના અનેક ખેડૂતો અને કૃષી એકમો નાળિયેરમાંથી તેલ, વર્જિન કોકોનટ ઓઈલ, નાળિયેરનું દૂધ, નાળિયેર પાણીનાં ટેટ્રાપેક/બૉટલ, કોકોનટ કુકી, કોકોનટ બરફી, વિનેગર, ફલેક્સ, ચિપ્સ, ઓઈલ કેક અને નીરા વગેરે બનાવી, તેનું વેચાણ કરીને મબલખ આવક મેળવી રહ્યા છે.

**-નિતિન રથવી**

**ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટથી વધુ : સૌથી લાંબો દરિયાકિનારો હોવાથી ગુજરાતમાં નાળિયેર ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ : 'ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમ' માટે બજેટમાં રૂ. ૪૩૮ લાખની જોગવાઈ : નાળિયેરીનું ઉત્પાદન કરતા ખેડૂતોને મળે છે રૂ. ૪૨,૫૦૦ સુધીની સહાય : ગુજરાતમાંથી ઉત્પાદનના ૩૩ ટકા નાળિયેરની થઈ રહી છે નિકાસ : દિલ્હી, પંજાબ, હરિયાણા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નાળિયેરની નિકાસ**

# બાર ફિલ્મોમાં પત્ની સાથે પ્રેમી બનેલા ઋષિકપૂર

**જુલાઈના સિતારા**

**- નરેશ કાપડીઆ**

કપૂર પરિવારના રાજકુમાર સમા ઋષિ કપૂરનો જન્મ ૪ સપ્ટેમ્બર, ૧૯૫૨ના રોજ થયો હતો.પંજાબી પરિવારમાં માતા કૃષ્ણા કપૂર અને પિતા રાજ કપૂરને ત્યાં મુંબઈના ચેમ્બુરમાંઋષિનો જન્મ થયો હતો. હિન્દી ફિલ્મોના પીઢ કલાકાર - અભિનેતા, નિર્માતા, નિર્દેશક ઋષિ કપૂરને આપણે ચારેક મહિના પહેલાં ૩૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ કાયમી ગુમાવી દીધા છે.

કિશોરાવસ્થામાં પિતા રાજ કપૂરના કિશોર અવતાર રૂપે 'મેરા નામ જોકર' (૧૯૭૦) ફિલ્મમાં અભિનય કરીને પહેલા જ પ્રયત્ને ઋષીએ બાળ કલાકાર રૂપે નેશનલ એવોર્ડ મેળવ્યો હતો. હીરો રૂપે તેમની પહેલી ફિલ્મ 'બોબી' (૧૯૭૩)આવી અને તેમને ફિલ્મફેરનો બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. ત્યારથી શરૂ થયેલી તેમની અભિનય યાત્રા તેમને 'ફિલ્મફેર લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' (૨૦૦૮) મળ્યો ત્યાં સુધી લંબાઈ. ત્યાર પછી પણ આગળ વધી.

૧૯૭૩થી ૨૦૦૦ સુધીના સમયગાળામાં ઋષીએ ૯૨ ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા કરી છે, જેમાંથી ૪૧ ફિલ્મો મલ્ટી સ્ટાર ફિલ્મો હતી. તેઓ સોલો હીરો તરીકે જેમાં દેખાયા તેવી ૫૧ ફિલ્મોમાંથી માત્ર ૧૧ જ ફિલ્મો સફળ થઈ હતી. 'દો દુની ચાર'ના તેમના અભિનય માટે ઋષિને૨૦૧૧માં ફિલ્મફેર ક્રિટીક્સ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર મળ્યો હતો. તો'કપૂર એન્ડ સન્સ'ની તેમની ભૂમિકા માટે ઋષિને ૨૦૧૭માં શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. ૧૯૭૩થી ૧૯૮૧ દરમિયાનતેમની સાથી કલાકાર રૂપે ભાવિ પત્ની નીતુ સિંઘ સાથે તેમણે બાર ફિલ્મો કરી હતી.

તેઓ રાજ કપૂરના રણધીર પછીના બીજા દીકરા, રાજીવ તેમનાથી નાના ભાઈ. ત્રણે ભાઈઓ સાથે મુંબઈની કેમ્પિયન સ્કૂલમાં અને અજમેરની માયો કોલેજમાં ભણ્યાં. પિતાજીની સાથે અભિનય દ્વારા ફિલ્મોમાં આવ્યા અને સફળ થયા. ઋષિ કપૂરને સોલો હીરો રૂપે જે ફિલ્મોમાં સફળતા મળી તેમાં 'બોબી', 'લૈલા મજનું', 'રફૂચક્કર', 'સરગમ', 'કર્ઝ', 'પ્રેમરોગ', 'નગીના', 'હનીમૂન', 'ચાંદની', 'હીના' અને'બોલ રાધા બોલ'ને યાદ કરી શકાય. તેની સામે તેમણે જે ૪૧ મલ્ટી હીરો ફિલ્મોમાં અભિનય કર્યો હતો તેમાંથી ૨૫ ફિલ્મો સફળ થઈ હતી. તેમાંય માત્ર ૧૩ ફિલ્મો એવી હતી જેમાં બે હીરો હોય અને ઋષિ કપૂરની મહત્વની ભૂમિકા હોય. એવી ફિલ્મોમાં 'ખેલ ખેલ મેં', 'કભી કભી', 'હમ કિસીસે કમ નહીં', 'બદલતે રિશ્તે', 'આપ કે દીવાને' અને'સાગર' યાદ કરી શકાય. ૧૯૮૯પછી'અજુબા', 'ચાંદની', 'દીવાના' (૧૯૯૨), 'દામિની – લાઈટનિંગ' (૧૯૯૩), 'ગુરુદેવ' (૧૯૯૪), 'ડર' (૧૯૯૬) અને'કારોબાર' (૨૦૦૦) આવી. એવું જોવા મળ્યું કે ઋષિ કપૂરે સિત્તેરના દાયકાના અંતે, તથા એંશી અને નેવુંના દાયકામાં સતત એવી ફિલ્મોમાં ભૂમિકા કરી જેમાં તેમના સાથી કલાકારો તેમના પર છવાઈ ગયાં. અ ા વાત[illegible] ફિલ્મો પરથી ખ્યાલ આવશે, જેમાં'નસીબ', 'કાતીલો કે કાતિલ', 'કુલી', 'દુનિયા', 'સિતમગર', 'ઝમાના', 'ઘર પરિવાર' કે'અમર અકબર એન્થની' યાદ કરી શકાય.

૧૯૯૯માં ઋષિએ'આ અબ લૌટ ચલે'નું નિર્દેશન કર્યું, જેમાં રાજેશ ખન્ના, ઐશ્વર્યા રાય અને અક્ષય ખન્ના મુખ્ય ભૂમિકાઓમાં હતાં.રોમાન્ટિક હીરો રૂપે તેઓછેલ્લીવાર 'કારોબારઁ ધ બીઝનેસ ઓફ લવ' (૨૦૦૦)માં દેખાયા. ઋષીએ પિતા રાજ કપૂરના નિર્દેશનમાં 'હીના'માં અભિનય કર્યો, જે અંતે મોટા ભાઈ રણધીર કપૂરના નિર્દેશનમાં પૂરી થઈ હતી. તો ત્રણે ભાઈઓએ રણધીર, ઋષિ અને રાજીવ દ્વારા નિર્મિત અને નાના ભાઈ રાજીવ કપૂર દ્વારા નિર્દેશિત 'પ્રેમ ગ્રંથ'માં પણ અભિનય કર્યો હતો.

૨૧મી સદી આવી અને ઋષિ કપૂર સહાયક ભૂમિકાઓ તરફ સરકી ગયા. 'યે હૈ જલવા', 'હમ તુમ', 'ફના', 'નમસ્તે લંડન', 'લવ આજ કલ' કે'પતિયાલા હાઉસ' આવી ફિલ્મો હતી. પછી બ્રિટીશ ફિલ્મો 'ડોન્ટ સ્ટોપ ડ્રીમીંગ' (૨૦૦૭) અને'સામ્બાર સાલસા' (૨૦૦૮)માં તેમણે કામ કર્યું. વર્ષો પછી તેઓ નીતુ સિંઘ સાથે 'દો દૂની ચાર' (૨૦૧૦)માં ફરી દેખાયા.

'ચિન્ટુ જી' નામની ફિલ્મમાં ઋષિ કપૂરે પોતાનું જ પાત્ર ભજવ્યું. ૨૦૧૨માં તેઓ નકારાત્મક ભૂમિકામાં 'અગ્નિપથ'માં આવ્યા તો મલ્ટી સ્ટાર 'હાઉસફૂલ ૨'માં દેખાયા, જેમાં તેઓ ભાઈ રણધીર કપૂર સાથે પચ્ચીસેક વર્ષ પહેલાંની'ખજાના' પછી ફરી દેખાયા. યશ ચોપરાની'જબ તક હૈ જાન'માં તેમણે પત્ની નીતુ સાથે કેમિયો ભૂમિકા કરી.'બેશરમ' (૨૦૧૩)માં ઋષિ, પત્ની નીતુ સિંઘ અને દીકરો રણબીર સાથે હતાં.

તેમની ઉમેશ શુક્લ નિર્દેશિત '૧૦૨ નોટ આઉટ' આવી, જે સૌમ્ય જોશીના એજ નામના ગુજરાતી નાટક પર આધારિત હતી. આ ફિલ્મમાં ઋષિ ૨૭ વર્ષો બાદ અમિતાભ બચ્ચન સાથે ફરી દેખાયા હતા. ૨૦૧૯માં તેમની 'જુઠા કહીં કા' આવી અને જીથું જોસેફ નિર્દેશિત 'ધ બોડી' આવી, જેમાં તેઓ ઈમરાન હાસમી સાથે હતા, એ તેમની છેલ્લી ફિલ્મ બની રહી. ઋષિ કપૂરની યાદગાર ફિલ્મો તરીકે આપણે મેરા નામ જોકર, બોબી, ઝહરીલા ઈન્સાન, રફુચકકર, ખેલ ખેલ મેં, લૈલા મજનું, કભી કભી, હમ કિસીસે કમ નહીં, દુસરા આદમી, અમર અકબર એન્થોની, સરગમ, કર્ઝ, નસીબ, પ્રેમરોગ, સાગર, નગીના, એક ચાદર મૈલી સી, ચાંદની, હીના, દામિની, કારોબાર, યે હૈ જલવા, ફના, નમસ્તે લંડન, દિલ્હી ૬, લવ આજ કલ, પતિયાલા હાઉસ, અગ્નિપથ, હાઉસફુલ ૨ ને યાદ કરી શકીએ. ૨૦૦૦ના વર્ષ પછી ઋષિ કપૂર સહાયક ભૂમિકામાં દેખાયા.

પડદા પર પંદર વાર પોતાની નાયિકા બનેલા નીતુ સિંઘ સાથે ઋષિ કપૂરે ૨૨ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ લગ્ન કર્યા હતાં. તેમનેબે સંતાનો છે; અભિનેતા રણબીર કપૂર (૧૯૮૨) અને ડીઝાઈનર રિદ્ધિમા કપૂર સાહાની (૧૯૮૦). કરિશ્મા અને કરીનાના તેઓ કાકા થાય.



પોતાનું જીવન ચરિત્ર તેમણે મીના ઐય્યર સાથે મળીને લખ્યું, જેનું શીર્ષક છે 'ખુલ્લમ ખુલ્લોઁ ઋષિ કપૂર અનસેન્સર્ડ'. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ હાર્પર કોલીન્સ દ્વારા તેનું પ્રકાશન થયુંહતું. સોસીયલ મીડિયા પર તેમની અનેક કોમેન્ટસ દ્વારા ઋષિ કપૂર વિવાદમાં ઘેરાઈ જતા.

૨૦૧૮માં ઋષિ કપૂરને લ્યુકેમિયા રોગ થયો તેઓ ન્યુ યોર્કમાં સારવાર લેવા ગયા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૯એ તેઓ સારા થઈને ઘરે પરત થયા હતા. ૨૯ એપ્રિલ, ૨૦૨૦ના રોજ તેમને શ્વાસની તકલીફ થતાં સર એચ. એહ. રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ૩૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ લ્યુકેમિયાને કારણે તેમનું નિધન થયું. મુંબઈના ચંદનવાડી સ્મશાન ગૃહમાં તેમની અંતીમ વિધિ થઈ અને તેમની અસ્થિને બાણગંગામાં પધરાવાઈ હતી.

ત્યારે માત્ર ૨૪ કલાકમાં 'ડી-ડે'ના બે સિતારા ઋષિ કપૂર અને ઈરફાન ખાનનું નિધન થતાં ચાહકોને જબરો આઘાત લાગ્યો હતો. ઋષિ કપૂરના ટોપ ટેન ગીતોઁ તીતર કે દો આગે તીતર (મેરા નામ જોકર), મૈ શાયર તો નહીં (બોબી), દર્દ એ દિલ (કર્ઝ), તેરે ચેહરે સે (કભી કભી), ઓ હંસની (ઝહરીલા ઈન્સાન), પાયલિયા (દીવાના),ચેહરા હૈ યા ફૂલ ખીલા (સાગર), દિલ દેને કી ઋતુ (પ્રેમ ગ્રંથ), ખુલ્લમ ખુલ્લા પ્યાર (ખેલ ખેલ મેં), પરદા હૈ પરદા, શિરડીવાલે સાઈ બાબા (અમર અકબર એન્થની).

# પારડીમાં દક્ષિણ વિભાગ કોળી સમાજ મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** વિવિધ ગામડાઓમાં જાહેર સ્થળો પર પર્યાવરણની જાળવણી માટે સમાજમાં એક પ્રેરણાત્મક સંદેશો જાય એવા હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં.

દક્ષિણ વિભાગ કોળીસમાજ મંડળના સુવર્ણ જયંતિ અવસરે છેલ્લા ૧૧ રવિવાર થી મંડળના પ્રમુખ હરેશભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને કોળીસમાજનું સંગઠન મજબુત બને સમાજના લોકો એકબીજા થી પરીચિત થાય સમાજનો દરેક ક્ષેત્રે વિકાસ થાય કોળીસમાજના હોલના અધુરા કામને પુર્ણ કરવા દાન એકત્રીત કરવાના હેતુથી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક પેડ મા કે નામના કાર્યક્રમને સાર્થક કરવા વૃક્ષો કુદરતના ફેફસા સમાનછે વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ અને કાર્બન મોનોકસાઈડ જેવા ઝેરી વાયુને શોષી ને આપણને જરુરી એવો ઓક્સિજન વાયુ પુરો પાડી પર્યાવરણને શુધ્ધ કરે છે. એ દષ્ટિએ દર રવિવારે સામુદાયિક વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામા આવેછે તે મુજબ ગોઈમા ગામે આબાકલમ લીમડો વડ જેવા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું હતું. ગોઈમા ગામે મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનો કીરીટભાઈ, અમ્રતભાઈ, ભુપેશકુમાર, હરીશભાઈ, કનુભાઈ, વનેશભાઇ, ચેતનભાઈ, ભરતભાઇ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ધગડમાડ, સુખાલા અને મોટાપોઢા ગામે પણ લીમડો, વડ, પીપળો વિગેરે વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આજદીન સુધી કુલ ૮૬ કોળીસમાજના ગામોમાં વૃક્ષારોપણ કરી સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવા કોળીસમાજના કારોબારી સભ્યો સુનિલભાઈ, બાલુભાઈ, મનિષભાઈ, કમલેશભાઈ, કાંતિભાઈ નિવૃત આચાર્ય, દિપકભાઇ, ગોઈમા સતિશભાઈ, બોરલાઈ, રાજુભાઈ, વાપી દેવાંગભાઈ, ડુગરી દયાળભાઈ, શંકરભાઈ, ગીરીશભાઈ, ધનસુખભાઈ, નામધા રડકાભાઈ, રાજુભાઈ, અમ્રતભાઈ, પલસાણા અને કોળીસમાજના યુવાનો સંદિપભાઈ અને રાહુલભાઈ અને દેવાંગભાઈની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં પુર્વ પ્રમુખ જીતુભાઈ પટેલ કોળીસમાજ સમુહ લગ્નના પ્રમુખ બળવંતભાઈ પટેલ કોળીસમાજના પ્રોફેસર રાજુભાઈ પટેલ કોળીસમાજના વલસાડ જિ. પંચાયતના સભ્યો મુકેશભાઈ પટેલ, શૈલેશભાઈ, સરપંચ અજયભાઈ પટેલ, ભાજપ મહામંત્રી મુકેશભાઈ પટેલ અને મોટીસંખ્યામા દરેક ગામના કોળીસમાજના ભાઈઓ બહેનો વડીલોબાળકો ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. દક્ષિણ વિભાગ કોળીસમાજ મંડળ અને મંડળના પ્રમુખ હરેશભાઈ દરેકનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કરે છેઅને કોળીસમાજના દરેક વ્યક્તિને સમાજ માટે યથાશક્તિ યોગદાન સહયોગ આપવા આહવાન કર્યુ હતું.

# પારડીમાં બિસ્માર માર્ગો પર પેચવર્ક કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** વલસાડ જિલ્લામાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર ખાડાઓ પડતા માર્ગ બિસમાર બન્યો હતો ત્યારે પંચાયત માર્ગ અને મકાન વિભાગ વલસાડ દ્વારા પારડી તાલુકાના ઉમરસાડી બાલદા બગવાડા મોતીવાડા સહિત વિવિધ ગામડાઓમાં ખાડા પડેલ માર્ગની મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદને કારણે રસ્તાઓની હાલત બિસ્માર થતા હાલ વરસાદ બંધ પડતાંની સાથે જ મેટલ પેચ વર્ક કામગીરી પૂર જોશમાં ચાલું કરવામાં આવી હતી. પંચાયત માર્ગ અને મકાન વિભાગ વલસાડ દ્વારા રસ્તા ઉપર મેટલ પેચ વર્કની કામગીરી પૂર્ણ કરી ડામર કામગીરી હાથ ધરવામાં આવશે. માર્ગનું લેવલિંગ કરતા વાહનચાલકોને રાહત થશે.

# પારડી-ઉદવાડામાં મેઘરાજાની ફરી એન્ટ્રી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** પારડી અને ઉદવાડા પંથકમાં વહેલી સવારથી મેઘરાજાની એન્ટ્રી થી પાણી પાણી થઈ જતા જન જીવન ખોરવાયો હતો પારડી અને ઉદવાડા પંથકમાં પંથકમાં આજરોજ વહેલી સવારથી મેઘરાજા વરસતા પાણી પાણી થઈ ગયું હતું. પારડી શહેરમાં વરસાદના લીધે નેશનલ હાઈવે સહિત વિવિધ માર્ગોમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. વહેલી સવારે મેઘરાજાની એન્ટ્રીને લઈ શાળાએ જતા વિદ્યાર્થીઓ નોકરીયાતો, વેપારીઓ કામાર્થે જતા લોકો મૂંઝવણમાં મુકાયા હતા અને લોકો ફરી છત્રી-રેઈનકોટ લઈને બહાર નીકળ્યા હતા. પારડી શહેરની સાથે તાલુકાના વિવિધ ગામડાઓમાં વરસાદ ખાબક્યો હતો. સવાર થી પડેલ વરસાદે વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીથી ત્રસ્ત લોકો એ રાહત અનુભવી હતી. સતત પડી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયો હતો.

# રેટલાવ ગ્રા.પં.ના સરપંચની સરમુખ્તશાહીથી સભ્યો નારાજ થતા સતત અંદાજ બજેટ નામંજુર થતા સુપરસીટ કરાઈ

પારડી તાલુકાના રેટલાવ ગામમાં ગ્રામ પંચાયતની બોડીના અઢી વર્ષ પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતના સભ્યો વચ્ચે વાદવિવાદ સર્જાતા ગ્રામ પંચાયતનો બજેટના મંજૂર થયો હતો. જે બજેટ નામંજુર થતા અઢી વર્ષ બાદ ગ્રામ પંચાયત હાલમાં વિદ્રો થઈ ગઈ છે સુપર સીટ થઈ ગઈ છે અને તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારીને વહીવટદાર તરીકે મૂકી દેવામાં આવ્યા છે. ગ્રામ પંચાયત પર નજર નાખીએ તો રેંટલાવ ગ્રામ પંચાયતનું સને ૨૦૨૪- ૨૫નું વાર્ષિક અંદાજપત્ર નામંજૂર કરવાનો બહુમતીથી ઠરાવ કરવામાં આવ્યો હતો ગ્રા.પં.ને અંદાજપત્ર અંગે નિર્ણય કરવા પૂરતી તક આપવા છતાં પણ અંદાજપત્ર જેવી અગત્યની બાબત મંજૂર કરવામાં ગ્રા.પં. નિષ્ફળ નીવડતા રાજયના વિકાસ કમિશનરે રેંટલાવ ગ્રા. પં.નું વિસર્જન એટલે કે સુપરસીડ કરી દેવાનો હુકમ કર્યો હતો.

૧૧ સભ્યોનું સંખ્યાબળ ધરાવતી રેંટલાવ ગ્રા.પં.ની ધોરણસરની મુદત તા.૨૨-૦૧-૨૦૨૭ના રોજ પૂર્ણ થનાર છે. રેંટલાવ ગ્રા.પં.ના સરપંચ અજય બાબુભાઈ પટેલ બહુમતી સભ્યોને વિશ્વાસમાં લઈને કામ કરતા નહીં હોવાના આક્ષેપ સાથે ઓછામાં ઓછા ૦૬ સભ્યોએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. ગ્રા.પં.નું સને ૨૦૨૪-૨૫ના વાર્ષિક બજેટને આખરી બહાલી માટે તા. ૨૭-૦૨- ૨૪, તા. ૧૧-૦૩-૨૪ અને તા.૩૦-૦૩-૨૪ના રોજ બોલાવાયેલી બેઠકોમાં ૫ વિરુદ્ધ ૬ મતે એટલે કે, બહુમતી સભ્યોએ વર્ષ ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર નામંજૂર કરવાનો ઠરાવથી નિર્ણય કર્યો હતો રેંટલાવ ગ્રા.પં.નું વાર્ષિક અંદાજપત્ર ત્રણ-ત્રણ બેઠકોમાં બહુમતિથી નામંજૂર થતા વલસાડ જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૫૩ હેઠળ કાર્યવાહી કરવા તા. ૦૯-૦૪-૨૪ના રોજ દરખાસ્ત કરી હતી રેંટલાવ ગ્રા.પં.ના સરપંચ તથા ગ્રા.પં.ને કારણદર્શક નોટિસ આપી લેખિત ખુલાસો આપવા જણાવાયું હતું. ગ્રામ પંચાયત દ્વારા તા. ૧૮-૦૬-૨૪ના રોજ બોલાવેલી બેઠકમાં હાજર ૧૦ પૈકી સરપંચ તથા ૩ સભ્યોએ અંદાજપત્ર મંજૂર કરવા અને ૬ સભ્યોએ નામંજૂર કરવાનો આખરી નિર્ણય કર્યો હતો. અંદાજપત્ર મંજૂર કરવા સંબંધે ગ્રા.પં.એ કોઈ નિર્ણય કર્યો ન હોય જેથી વિકાસ



પારડીનો પત્ર
કુલદિપસિંહ રાજપુત, પારડી

કમિશનર રેંટલાવ ગ્રા.પં.ના વહીવટદાર તરીકે પારડી તા. પં.ના વિસ્તરણ અધિકારી રાજુભાઈની નિમણૂક કરવામાં આવી છે અને હાલમાં વહીવટદાર તરીકે રાજુભાઈ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવી રહ્યા છે તેઓની મુલાકાત લેતા તેઓએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતનું બજેટના મંજૂર કરવામાં આવતા ગ્રામ પંચાયત વિદ્રો થઈ ગઈ છે. સુપરહિટ થઈ ગઈ છે જેથી હવે હું વહીવટદાર તરીકે ફરજ બજાવી રહ્યો છું. રાજયના વિકાસ કમિશનરે રેંટલાવ ગ્રા.પં.ને સુપરસીડ કરી દેવાનો હુકમ કરવાની સાથે ગ્રા.પં.ના વહીવટદાર તરીકે પારડી તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી (પંચાયત) રાજુભાઈ ડી. નાઈકની નિમણૂક કરવાનો તેમજ બીજો હુકમ થતાં સુધી તેમને રેંટલાવ ગ્રા.પં.ના વિસર્જનના સમય દરમિયાન ગ્રા.પં.ની બધી સત્તાઓ ધારણ કરવાનો તથા બધી ફરજો અને કાર્યો બજાવવાનો આદેશ પણ કર્યો છે.

ગાંધીનગર દ્વારા તા.૨૨-૦૭-૨૪ના રોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાખેલી સુનાવણીમાં હાજર ગ્રા.પં.ના સરપંચ અજયભાઈ પટેલ, ડે. સરપંચ અહમદ ભાઈ ખોજા તથા ૮ સભ્યોને ગુ. પં.અધિ. ૧૯૯૩ની કલમ-૨૫૩ની જોગવાઈની સમજ આપીને જો ગ્રા. પં.ના સભ્યો અંદાજપત્ર મંજૂર કરવા માંગતા હોય તો હજુ વધુ એક તક આપવા જણાવાયું હતું, પરંતુ વિરોધ કરનાર તમામ ૬ સભ્યોએ અંદાજપત્ર મંજૂર કરવા માંગતા નથી તેમ જણાવ્યું હતું. દરમિયાન વલસાડ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની તા. ૧૮-૦૭-૨૪ની મળેલી બેઠકમાં રેંટલાવ ગ્રા.પં.ને જોગવાઈ અનુસાર વિસર્જન કરવા ભલામણ કરી દેવાઈ હતી. આમ રેંટલાવ ગ્રા.પં.ની હાલની બોડી અંદાજપત્ર મંજૂર કરી શકે તેવી સ્થિતિમાં ન હોઈ અને બહુમતિ સભ્યોએ સને ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર નામંજૂર કરવા ઠરાવથી નિર્ણય કરેલ હોય, ગ્રા.પં. તેની વૈધાનિક ફરજો બજાવવા અસમર્થ બને છે તેવું તારણ કાઢીને રાજ્યના વિકાસ મિશનર હિતેશ કોયાએ તેમને મળેલી અધિકારોની રૂએ પારડી તાલુકાની રેંટલાવ ગ્રા.પં.ને વિસર્જન કરવાનો આદેશ કર્યો છે. આમ કાયદાકીય લડત બાદ વિવાદના વંટોળમાં અટવાયેલ ગ્રામ પંચાયત રેટલાવ હવે સરપંચની બોડીથી મુક્ત બનેલ છે અને વહીવટદાર શાસનમાં છે તો પારડી તાલુકાની અન્ય ગ્રામ પંચાયતો જેમ કે ઉમરસારી, દેસાઈવાડ, માછીવાડ, કોટલાવ, મોટા વાઘછીપા વગેરે ગ્રામ પંચાયતોની ચૂંટણી ઓક્ટોબર બાદ થવાની સંભાવના છે ત્યારે રેટલાવ ગ્રામ પંચાયતની ચૂંટણી પણ થવાની સંભાવના માની શકાય છે. રેટલાવ ગામ જે સંવેદનશીલ ગામડાઓમાં આવે છે આ ગામમાં રાજકીય વિવાદો છેલ્લા અઢી વર્ષથી ચાલી રહ્યા હતા અને અંતે રાજકીય વિવાદો બાદ ગ્રામ પંચાયત વિસર્જિત થઈ છે.

# દમણીઝાંપાના એકલિંગી મહાદેવ મંદિર ભક્તિમય બન્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** પારડીમાં દમણીઝાંપા વિસ્તારમાં ઐતિહાસિક તળાવને કિનારે આવેલ એકલિંગી મહાદેવ મંદિરમાં પારડી તથા આજુબાજુના ગામોના ભક્તજનો માટે ભક્તિ અને આસ્થાનું પ્રતિક હોય દૂર દૂરથી અહીં લોકો દર્શને આવતા હોય છે ત્યારે આ મંદિરે દર વર્ષે શ્રાવણ માસમાં અલગ અલગ શિવજી શણગાર કરવામાં આવે છે. આ વર્ષે સોમવારના રોજ સાંજે ૫ કલાકે ૧૨ જ્યોર્તિલિંગ અને ૧૦૮ પાર્થિવ શિવલિંગનો તથા ૧૦૮ દિવડાઓથી આકર્ષક રીતે શણગાર કરવામાં આવ્યો હતો. શ્રાવણ મહિનો એટલે મહાદેવની પૂજા અર્ચના કરી એમને રીઝવવાનો મહિનો નાના બાળકોથી લઈ વૃદ્ધો પણ શ્રાવણ મહિનામાં ફક્ત સોમવારનો ઉપવાસ કરી ભોળેનાથને પામવાનો માર્ગ સરળ કરે છે. આ સાથે એવી માન્યતા પણ છે કે શ્રાવણમાં જો ભગવાન શિવના ૧૨ જ્યોર્તિલિંગ ના દર્શન કરવામાં આવે તો જન્મ-જન્મ ના કષ્ટ દૂર થઈ જાય છે. શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવારની સાથે સોમવતી અમાસ પણ હોય આ સોમવારનું ખૂબ મહત્વ વધી જાય છે ત્યારે પારડીના એકલિંગી મહાદેવ મંદિરમાં આજના આ પવિત્ર દિવસે પૂજારી ચેતનભાઇ તથા ભક્તિબેન ની સાથે નિકિતાબેન, સુમિત્રાદાદી, જીતેન્દ્રભાઈ, હેમંતભાઈ જેવા ભક્તો દ્વારા એકલિંગી મહાદેવજીને રુદ્રાક્ષ, સાબુદાણા તથા મૈસુરની દાળ અને મહાદેવના જ ૧૨ જ્યોર્તિલિંગ અને ૧૦૮ પાર્થિવ શિવલિંગનો તથા ૧૦૮ દિવડાઓથી આકર્ષક રીતે શણગાર કરવામાં આવ્યો હતો. જેના દર્શનાર્થે પારડીના ભક્તો ઉમટી પડ્યા હતા અને એક જ મંદિરમાં ૧૨ જ્યોર્તિલિંગ અને ૧૦૮ પાર્થિવ શિવલિંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જોકે મંગળવારના સાંજ સુધી ભક્તજનોના દર્શન માટે આ શણગાર કરેલ શિવલિંગ રાખવામાં આવ્યો હતો ત્યારબાદ આ તમામ શિવલિંગને પારડી પાર નદી ખાતે વિસર્જન કરવામાં આવ્યાં હતાં, મંદિરના પૂજારી ચેતનભાઇ અને ભક્તિબેન અને જણાવ્યું હતું કે, દરેક સોમવારે અહીં ભગવાન શિવજીને અલગ અલગ રીતે શણગાર કરવામાં આવે છે. જેથી ભક્તોજનો શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# પારડી તાલુકામાં વરસાદથી ખેડૂતોને રાહત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** પારડી તાલુકામાં આવેલા ગામડાઓમાં છેલ્લા બે માસથી પડી રહેલા સતત વરસાદના કારણે ખેડૂતોને ડાંગરના પાકમાં રાહત મળી છે હાલમાં ગામડાઓમાં ડાંગરનો પાક ખૂબ જ સારી રીતે ઉછરી રહ્યો છે. પારડી તાલુકાના ગામડાઓ જેમકે ડુમલાવ, ગોઈમા, અરનારા, ધગડમાળ, પંચલાઈ, મોટા વાઘછીપા, નાના વાઘછીપા, સુખેશ, ચીવલ વગેરે ગામડાઓમાં તાજેતરમાં ખેડૂતોના ખેતરમાં ડાંગરનો પાક ખૂબ જ સારી રીતે ઉછરી રહ્યો છે. આ વખતે શરૂઆતના તબક્કાથી જ મેઘરાજાએ વરસાદ સતત ચાલુ રાખતા ખેડૂતોને ફાયદો થયો છે અને ડાંગરનો પાક ઉછેરવામાં ખેડૂતો હાલ સફળ થયા છે. હાલમાં વાતાવરણ પણ અનુકૂળ હોવાના કારણે ડાંગરની ખેતી સરસ રીતે થઈ રહી છે અને ખેડૂતોને ડાંગરનો ઉછેર સારી રીતે થાય એવી આશા છે. હાલમાં ખેતરમાં ડાંગરનો પાક ખૂબ જ સુંદર રીતે આકાર પામી રહ્યો છે અને આગામી દિવસોમાં ખેડૂતોને સારો પરિણામ મળે એવી સંભાવના છે.

# પારડી આઈટીઆઈમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વૃક્ષારોપણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** હાલની કાળઝાર ગરમીથી શીખ લઈ હજુ પણ વૃક્ષો નહીં વાવીએ તો આવનારા સમયમાં પાણીની જેમ ઓક્સિજન પણ આપણે વેચાતો લેવો પડશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ થી એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષરોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે પારડી આઈ.ટી.આઈ ખાતે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલ પટેલ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મા ની મમતાનું સાચું સરનામું - એક પેડ માં કે નામ અંતર્ગત પારડી નગરપાલિકા દ્વારા આઈ.ટી.આઈ ખાતે મામલતદાર કિરણસિંહ રાણા, ચીફઓફીસર બી.બી. ભાવસાર, જિલ્લા ભાજપ પરમુખ હેમંતભાઈ કંસારા, મહામંત્રી શિલ્પેશ દેસાઈ, કમલેશ પટેલ, તેમજ પારડી ભાજપના કાર્યકર્તાઓ, આઈટીઆઈના આચાર્ય વગેરેની ઉપસ્થિતિમાં




વૃક્ષારોપણ કરાયું હતું. ઉમિયા સોશિયલ ટ્રસ્ટના અશોક પટેલની ટીમ દ્વારા ગ્રીન વલસાડ પ્રોજેક્ટ હાથ ધરતા રોપાઓ આપવામાં આવ્યા છે. પ્રોટેક્શન જાળી સાથેવૃક્ષો રોપણ કરવામાં આવતાઝાડનો ઉછેર નુકસાની વગર થશે. આ અંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં જંગલ અને જંગલની ઔષધીનું ખૂબ જ મહત્વ રહ્યું છે. અને વડાપ્રધાન મોદીજી એ પીપળાનું ઝાડ રોપણ કરી અભિયાનની શરૂઆત કરી છે, ત્યારે કાર્બનને ઘટાડી ઓક્સિજન વધારવા વૃક્ષારોપણ ખૂબ જ જરૂરી છે. તેમજ વલસાડ-ડાંગ ના સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે ભારત દેશ પહેલાથી જ પ્રકૃતિ પ્રેમી દેશ છેઅને પ્લાન્ટેશન ડ્રાઈવ થકી ઉમિયા સોશિયલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષ રોપણ કરવાનું બીડુ ઉપાડયું છે આસાથે યુ-આર કોડ પણ મુક્યો છે. જેનાથી મોબાઈલ પર વૃક્ષનો કેટલો ઉછેર થયો તે જોઈ શકાશે.

# સોંઢલવાડાની અશ્વમેઘ વિદ્યાલયમાં સંગીત સ્પર્ધાનું આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** અશ્વમેધ વિદ્યાલય, સોંઢલવાડા ખાતે અશ્વમેઘ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કિલ્લા પારડી દ્વારા પારડી અને એની આજુબાજુની શાળાઓના બાળકો અને શિક્ષકમિત્રો માટે સૂર તાલ ને સથવારે ૨૦૨૪-૨૫ સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયન અને વાદન એમ બે વિભાગ માં કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ બાળકો કલા અને સંગીત તરફ પ્રેરાય અને આપણી સાંસ્કૃતિક સંગીત કલાનું જતન કરી શકાય એ હેતુથી શાળાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષદભાઈ પટેલ દ્વારા આ કાર્યક્રમ થાય એવો વિચાર મળ્યો હતો આ કાર્યક્રમ સંગીતના નિષ્ણાત એવા નીલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં નિર્ણાયક તરીકે હર્ષેશ મેહતા બીલીમોરા સાઈરજ વૈધ ચીખલી તન્વીબેન પટેલ વલસાડ અને વૈદેહી પટેલ કિલ્લા પારડી તથા અમારી શાળાના સંગીત શિક્ષક હર્ષ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત શાળાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષદભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર મનોજભાઈ પટેલ, આચાર્ય જનકભાઈ પટેલ અને નિર્ણાયક મિત્રો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી કાર્યક્રમ માં કુલ ૧૨૫ જેટલા સ્પર્ધકો જેમાં વિદ્યાર્થી શિક્ષકો એ અલગ અલગ કૃતિ જેવી કે તબલા, હાર્મોનિયમ, વાંસળી ગિટાર, લોકગીત સુગમ સંગીત, ભજન વગેરે કૃતિઓ માં ભાગ લીધેલ હતો. વિજેતા સ્પર્ધકોને ટ્રોફી અને સર્ટિફિકેટ દ્વારા તથા બાકીના બધા સ્પર્ધકોને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. અને સમગ્ર વાતાવરણ સંગીતમય બન્યું હતું

# પારડીના શિવાલયોમાં છેલ્લા સોમવારે ભક્તોની ભીડ ઉમટી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** પારડીમાં કિલ્લાની તળેટીમાં આવેલ પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર અને પલસાણા રામેશ્વર મહાદેવ મંદિર સહિત તમામ શિવ મંદિરોમાં ગત શ્રાવણના છેલ્લા સોમવાર નિમિત્તે વિશાળ સંખ્યામાં ભક્તો આવી ભગવાન ભોળાનાથ અને માતા પાર્વતીનું પૂજન કર્યું હતું અને વ્રત રાખ્યો હતો. પારડી પંથકમાં આવેલ શિવ મંદિરો જેમ કે વૈજનાથ મહાદેવ મંદિર એકલિંગી મહાદેવ મંદિર સાથે પલસાણા ગંગાજીના પ્રાચીન પવિત્ર રામેશ્વર મહાદેવ મંદિર સહિત પારડી તાલુકામાં આવેલ ગામડાઓના પવિત્ર શિવ મંદિરોમાં ગત સોમવારના રોજ શ્રાવણનો




અંતિમ દિવસ હોય અને શ્રાવણનો છેલ્લો સોમવાર હોય વહેલી સવારથી જ વિશાળ સંખ્યામાં ભક્ત ભાઈ બહેનો આવી પહોંચ્યા હતા અને ભગવાન ભોળાનાથ તથા માતા પાર્વતી સાથે શ્રી ગણેશ અને લક્ષ્મીનારાયણ સહિત તમામ દેવી દેવતાઓનો પૂજન કર્યું હતું. ભગવાન ભોળાનાથને દૂધ ઘી દહી સાકર માધ બેલપત્ર પુષ્પ સહિતની સામગ્રી શિવલિંગમાં અર્પણ કરી ભક્ત ભાઈ બહેનોએ પૂજા કરી હતી. ભગવાન ભોળાનાથની વંદના કરી હતી અને વ્રત રાખ્યો હતો. વહેલી સવારથી મોટી સંખ્યામાં ભક્તોની લાઈનો જોવા મળી હતી ત્યારે છેલ્લા સોમવારે શિવલિંગનો ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો અને વિશાળ સંખ્યામાં ભક્તોએ દર્શન કર્યા હતા. હર હર મહાદેવ જય ભોળાનાથના જયકારા ગુંજી ઉઠ્યા હતા અને ભક્તિમય વાતાવરણ ઊભું થયું હતું.

# પારડીમાં વિવિધ મંડળો દ્વારા ગણેશ પ્રતિમાઓનું આગમન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૦૩:** ગણેશ ચતુર્થી પર્વના ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે પારડીમાં બાપ્પાના આગમનની વિવિધ તૈયારીઓ સાથે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. પારડી શહેરમાં શાકભાજી માર્કેટ કા રાજા અને દમણીઝાંપા ચા રાજા બાલાખાડીના રાજા રાણા સમાજના રાજા તુલસી ક્યારા વિસ્તારના રાજા સહિત વિશાળ સંખ્યામાં ગણેશ પ્રતિમાઓનું



આગમન થયું છે ગણપતિ બાપ્પા ની ભવ્ય પ્રતિમાનું આગમન ઢોલ નગારા અને આતસબાજી વચ્ચે કરવામાં આવ્યું હતું. પારડી ચાર રસ્તા પાસે મોટી સંખ્યામાં ભક્તો બાપ્પાની પ્રતિમા જોવા ઉમટ્યા હતા અને ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે પારડી શહેર ગુંજી ઉઠ્યું હતું. ઢોલ નગારા, ફટાકડા, આતસબાજી સાથે શ્રીજીની પ્રતિમાનું ભવ્ય આગમન થતા ભક્તો માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 04, September 2024


## કોણ બનશે ભાજપના નવા અધ્યક્ષ?

ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષને લઈને આ સમયે કેટલીય અટકળો ચાલી રહી છે. હાલના અધ્યક્ષ જે.પી. નડ્ડાનો કાર્યકાળ પૂરો થયે બે મહિના વીતી ચૂક્યા છે. આ સમયે તેઓ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીની જવાબદારી સંભાળે છે. ભાજપમાં એક વ્યક્તિ-એક પદનો સિદ્ધાંત છે, તેથી નવા અધ્યક્ષની શોધ સ્વાભાવિક છે. કેટલાય નામોની ચર્ચા પણ છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી પાર્ટીની કાર્યસંસ્કૃતિને જોતાં કંઇ પણ કહેવું મુશ્કેલ છે કે અંતિમ મહોર કોના નામ પર વાગશે. છ મહિના પહેલાં જે પાર્ટીને અજેય માનવામાં આવતી હતી, તેની સ્થિતિ લોકસભા ચૂંટણી બાદ બદલાઈ ગઈ છે. પાર્ટીએ જે વર્ગોમાં પહોંચ વધારી હતી, તે કંઈક કમજોર થતી દેખાઈ રહી છે. અતિ પછાત અને દલિતોમાં બિનજાટવ મતદારો પહેલાંની જેમ મંડલ રાજકારણની આસપાસ જોડાતા ફરી એક વખત દેખાઈ રહ્યા છે. એવામાં પાર્ટી સમક્ષ દલિત કે પછાત વોટ બેંકમાં વિસ્તાર માટે આ જ વર્ગથી નવા અધ્યક્ષ ચૂંટવાનું દબાણ થઈ શકે છે. જોકે પાર્ટી ઔપચારિક રૂપે એવા કોઈ દબાણનો ઇનકાર કરે છે. પાર્ટીમાં પક્ષપલટુઓને પ્રાથમિકતા મળતાં કોર વોટબેંકમાં પણ નિરાશા દેખાઈ રહી છે. એવામાં નવા અધ્યક્ષ માટે કેટલાય પડકારો રાહ જોઈ રહ્યા છે. હાલમાં અધ્યક્ષ પદ માટે જે નામોની ચર્ચા છે, તેમાં કેન્દ્રીય સંગઠનમાં સક્રિય મહારાષ્ટ્રના વિનોદ તાવડે ઉપરાંત તેમના જ રાજ્યના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના નામ મુખ્ય છે. નવા અધ્યક્ષ મામલે ભાજપ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પસંદનો પણ ખ્યાલ રાખવો મહત્ત્વપૂર્ણ હશે, કારણ કે હાલના અધ્યક્ષ નડ્ડાની લોકસભા ચૂંટણી દરમ્યાન સંઘને લઈને કરવામાં આવેલી એક ટિપ્પણીએ બંને પક્ષો વચ્ચે ખટાસ વધારવાનું કામ કર્યું હતું. નડ્ડો કહ્યું હતું કે 'હવે ભાજપને સંઘની જરૂર નથી પડતી.' આ જ કારણોથી માનવામાં આવે છે કે હાલના માહોલમાં એવો વ્યક્તિ જ ભાજપની કમાન સંભાળી શકે છે, જે સંઘ અને પાર્ટીમાં બહેતર તાલમેલ બેસાડી શકે અને જમીની સ્તર પર સંતુલન બનાવી રાખતાં સંગઠનને આગળ તો વધારે, પોતાના આધાર વોટ બેંકને ફરીથી આશ્વસ્ત કરે. આ દૃષ્ટિએ જોવામાં આવે તો ફડણવીસ અને શિવરાજ સિંહ ચૌહાણ બંને સંઘની નજીકના છે. બંનેના સંઘના નેતૃત્વ સાથે સહજ સંબંધો છે. તેમાં શિવરાજનું પલડું ભારે દેખાઈ રહ્યું છે. મધ્ય પ્રદેશ હાલમાં સંઘ અને ભાજપની સફળ પ્રયોગશાળા બની ચૂક્યું છે. જ્યારે તમામ રાજ્યોમાં ભાજપની સીટો ઘટી, ત્યારે મધ્ય પ્રદેશની તમામ સીટો ભાજપના ખાતામાં આવી. ખુદ શિવરાજ આઠ લાખથી વધારે મતોના અંતરથી પ્રચંડ જીત હાંસલ કરવામાં સફળ રહ્યા. હાલના દિવસોમાં જે રીતે શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ મંત્રીની જવાબદારી સંભાળી છે, પછી ચાહે સંસદમાં એમએસપી પર વિપક્ષની બોલતી બંધ કરવાની હોય કે રાહુલ ગાંધીના ખોટા નિવેદનનો જવાબ આપવો, તેનાથી તેમની નવી છબિ પેદા થઈ છે. તેઓ જમીની નેતા છે અને કાર્યકર્તાઓ સાથે તેમનો સીધો સંવાદ પણ છે. એક પખવાડિયા પહેલાં દિલ્હીનો પ્રવાસ કરનારા ફડણવીસ વિશે ચર્ચા ચાલી કે તેમણે વડાપ્રધાન સાથે મુલાકાત દરમ્યાન ખુદને સંગઠનમાં મોકલવાની ખુલ્લી માંક કરી. ત્યારબાદ તેમના ભાજપ અધ્યક્ષ બનવાની ચર્ચાએ જોર પકડી લીધું. સંઘ સાથે નજદિકી અને તેમની ઓછી ઉંમર પણ ફિટ બેસે છે. જોકે મહારાષ્ટ્રના રાજકારણની જે હાલત છે, તેમાં પાર્ટી કદાચ જ તેમને અધ્યક્ષ બનાવે. તેમને બદલે તેમને રાજ્યાં મહાયુતિના નેતા તરીકે રજૂ કરી શકાય છે. થોડા મહિનામાં જ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી થવાની છે. રાજ્યની રાજનીતિની દૃષ્ટિ પણ ફડણવીસની બહુ ઉપયોગિતા છે. એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના (શિંદે), ભાજપ અને એનસીપી (અજિત પવાર)ને આકરી ટક્કર આપવા માટે વિપક્ષી મહાવિકાસ અઘાડી (એમવીએ)એ સત્તારૂઢ મહાયુતિને હરાવવા માટે હરસંભવ પ્રયાસ શરૂ કરી દીધા છે. ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટ કરી દીધું છેકે ભાજપ અને શિંદેને રોકવા માટે તેઓ સીએમ પદની આકાંક્ષા છોડવા માટે પણ તૈયાર છે. હાલની લડાઈને ઉદ્ધવ રાજ્યના સ્વાભિમાનની રક્ષાની લડાઈ કહી ચૂક્યા છે. જોકે રાજકીય દૃષ્ટિથી મહારાષ્ટ્ર મહત્ત્વપૂર્ણ રાજ્ય છે અને ત્યાં પાર્ટીનું ઘણું બધું દાવ પર છે. તેથી તેમના માટે ફડણવીસ કરતાં બહેતર કદાચ કોઈ બીજો વિકલ્પ નથી. પોતાના શાસનકાળની ઉપલબ્ધિઓને કારણે ફડણવીસની છબિ અલગ છે. પોતાના શાસનકાળમાં તેમણે પારદર્શિતા, જવાબદારી અને બુનિયાદી માળખા પર ભાર મૂક્યો હતો. ફડણવીસની હાલની પહેલ 'માઝી લડકી બહિન યોજના' પણ સફળ માનવામાં આવે છે, જેમાં આર્થિક સ્વતંત્રતાની સાથે જ સ્વાસ્થ્ય અને પોષણ સુધાર માટે મહારાષ્ટ્રમાં ૨૧ થી ૬૫ વર્ષની મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયાની ઓફર કરવામાં આવી છે. આ જ કારણોસર ભાજપ કદાચ જ ફડણવીસને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવે. તેને બદલે તેમને મહારાષ્ટ્રની રાજનીતિની સંપૂર્ણ કમાન સોંપી શકાય છે.

### મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું

# પ. બંગાળ વિધાનસભામાં બળાત્કાર વિરોધી બિલ પસાર

**દુષ્કર્મ અને સામૂહિક દુષ્કર્મના દોષિતોને જામીન વિના જીવે ત્યાં સુધી આજીવન કેદની સજાની જોગવાઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

પશ્ચિમ બંગાળ,તા.૩ઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાના બોલાવેલા ખાસ સત્રમાં આજે એટલે કે મંગળવારે બળાત્કાર વિરોધી બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. આ વિધેયકમાં બળાત્કાર અને પીડિતાના મૃત્યુના દોષિત વ્યક્તિને મૃત્યુદંડની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત બળાત્કાર અને સામૂહિક બળાત્કારના દોષિતોને જામીન વિના જીવે ત્યાં સુધી આજીવન કેદની સજા આપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. વિધાનસભામાં બિલ પર ચર્ચા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે બળાત્કારના દોષિતોને કડક સજા મળવી જોઈએ. વિધાનસભામાં આ બિલ પર ચર્ચા દરમિયાન ભાજપના ધારાસભ્યોએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિધાનસભામાં વિશેષ સત્ર બોલાવ્યું અને બળાત્કાર વિરોધી બિલ રજૂ કર્યું. જે બાદ વિધાનસભામાં આ બિલ પર ચર્ચા શરૂ થઈ હતી. સીએમ મમતાએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું છે. સીએમએ એમ પણ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે સીબીઆઈ ન્યાય આપે.

મમતા સરકારના આ બિલને વિરોધપક્ષ ભાજપે પણ સમર્થન આપ્યું છે. વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું કે, ભાજપ અપરાજિતા બિલનું સંપૂર્ણ સમર્થન કરે છે. અમે ઈચ્છીએ છીએ કે આ કાયદો જલદીથી લાગુ કરવામાં આવે. આ તમારી (મમતાબેનર્જીની સરકારની) જવાબદારી છે.

ભાજપે કહ્યું કે, અમે રાજ્યમાં આ કાયદાના અમલ પછી તેનું પરિણામ ઈચ્છીએ છીએ અને તે સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. અમે તમને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે, તમારે બાંહેધરી આપવી પડશે કે આ બિલ તરત જ લાગુ કરવામાં આવશે.

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ કહ્યું, હું સમગ્ર પશ્ચિમ બંગાળ વતી અપરાજિતા બિલનું સ્વાગત કરું છું. આ વિધેયકને ઐતિહાસિક ગણાવતા તેમણે કહ્યું કે, ૩ સપ્ટેમ્બર, ૧૯૮૧ના રોજ યુએનએ મહિલાઓ સામેના અત્યાચારો સામે પગલાં લીધા અને મહિલાઓ સામેના ભેદભાવ અંગે સંમેલન શરૂ કર્યું. સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે, આ ઐતિહાસિક તારીખે, હું આ બિલને સ્વીકારવા માટે દરેકનું સ્વાગત કરું છું. તેણીએ એમ પણ કહ્યું કે હું પીડિતા પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જે આવા ગંભીર ગુનાઓને આધિન છે અને મૃત્યુ પામી છે.

મમતા બેનર્જીએ કોલકાતા રેપ મર્ડર કેસ અંગે કહ્યું કે, અમે બળાત્કારના દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરીએ છીએ. આ એક ગંભીર ગુનો છે. તેમણે એમ પણ કહ્યું કે, એવો સમાજ ન હોઈ શકે જ્યાં મહિલાઓનું સન્માન ન થાય.

સીએમ મમતા બેનર્જીએ જણાવ્યું કે ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં એક જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી, તે સમયે તે ઝારગ્રામમાં હતી. તેણીએ કહ્યું, જ્યાં સુધી આ કેસ કોલકાતા પોલીસના હાથમાં હતો ત્યાં સુધી હું ઝારગ્રામમાં હતી. ઘટનાની જાણકારી મળતા જ તે પીડિત પરિવારને મળી હતી.

સીએમ મમતા બેનર્જીએ એમ પણ કહ્યું કે, સીબીઆઈને કેસ સોંપતા પહેલા મારે રવિવાર સુધીનો સમય જોઈએ છે. મારી પોલીસ સક્રિય હતી. સીએમએ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે સીબીઆઈ કેસની તપાસ કરે અને પીડિતાને ન્યાય આપે.

બિલ રજૂ કર્યા બાદ સીએમ મમતા બેનર્જીએ વિપક્ષી પાર્ટી બીજેપીને કહ્યું, તમે બીજેપીના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝને આ બિલ તાત્કાલિક પસાર કરવા કહો. તેમણે એમ પણ કહ્યું કે ૨૦૧૩ થી કેન્દ્ર સરકારે રાજ્યની તમામ ફાસ્ટ ટ્રેક કોર્ટ માટે ફંડ આપવાનું બંધ કરી દીધું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યમાં ૮૮ ફાસ્ટ ટ્રેક કોર્ટ અસ્તિત્વમાં છે.

૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં જુનિયર ડોક્ટર પર થયેલા બળાત્કારના કેસ અંગે સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે સીબીઆઈ પીડિતાને ન્યાય આપે. તેમજ રાજ્યમાં હાલની અદાલતો અંગે તેમણે કહ્યું કે, બંગાળમાં મહિલાઓ માટે અલગ કોર્ટ છે, અહીં એક ફાસ્ટ ટ્રેક કોર્ટ છે, જેમાં ૭૦૦૦ કેસ પેન્ડિંગ છે. રાજ્ય સરકાર આ કેસની ઝડપથી તપાસ કરી રહી છે, પરંતુ કોર્ટમાંથી ન્યાય મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે.

# છત્તીસગઢના દંતેવાડામા સુરક્ષા દળોએ ૯ નક્સલીઓને ઠાર કર્યા

**માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

છત્તીસગઢ,તા.૩ઃ છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સર્ચ ઓપરેશન દરમિયાન દંતેવાડા-બીજાપુર બોર્ડર પર સેનાના જવાનો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. બંને તરફથી ગોળીબાર થઈ રહ્યો છે. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર ૯ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે અને માર્યા ગયેલા તમામ નક્સલવાદીઓ યુનિફોર્મમાં છે. તેમની પાસેથી મોટી માત્રામાં ઘાતક હથિયારો મળી આવ્યા છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં અત્યાર સુધીમાં ૯ વર્દીધારી નક્સલવાદીઓ માર્યા ગયા છે. ઘટનાસ્થળેથી હથિયારો સહિત મોટી માત્રામાં નક્સલ સામગ્રી મળી આવી છે. અધિકારીએ જણાવ્યું કે દંતેવાડા જિલ્લા અને બીજાપુરના સરહદી વિસ્તાર પર પશ્ચિમ બસ્તર ડિવિઝન નજીક માઓવાદીઓની હાજરીની માહિતી મળી હતી. માહિતી મળતાં જ એક સંયુક્ત પોલીસ પાર્ટીએ સર્ચ ઓપરેશન કર્યું, જે દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું.

આજે મંગળવારે સવારે લગભગ ૧૦.૩૦ વાગ્યાથી સુરક્ષા દળ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, DRG અને CRPFની સંયુક્ત ટીમ નક્સલ વિરોધી પેટ્રોલિંગ સર્ચ પર ગઈ હતી. સર્ચ દરમિયાન નક્સલવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું હતું. અત્યાર સુધીમાં ૯ ગણવેશધારી અને હથિયારધારી નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે, ઓપરેશનમાં સામેલ તમામ સૈનિકો હવે સુરક્ષિત છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

છત્તીસગઢમાં સુરક્ષા દળો સતત નક્સલવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ૨૪ ઓગસ્ટે છત્તીસગઢની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યને નક્સલવાદથી સંપૂર્ણ મુક્ત કરવાની વાત કરી હતી. તેમણે સાત રાજ્યોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને નક્સલવાદીઓને ખતમ કરવાની રણનીતિ ઘડી હતી. દંતેવાડા પોલીસના જણાવ્યા અનુસાર, આ વર્ષે નક્સલવાદીઓ સાથે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૧૫૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. નક્સલવાદીઓ વિરુદ્ધ અભિયાન તેજ કરવામાં આવ્યું છે.

# આસામની ધુબરી મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીને ડ્રગ્સનું ઈન્જેકશન આપી રેગિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

આસામ,તા.૩ઃ આસામની ધુબરી મેડિકલ કોલેજમાં રેગિંગનો મામલો સામે આવ્યો છે. ધુબરી મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીએ વ્હોટ્સએપ પર પ્રિન્સિપાલને પત્ર લખીને રેગિંગ દરમિયાન તેને દવાઓ આપવામાં આવી હોવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાદ કોલેજમાં ખળભળાટ મચી ગયો હતો. પ્રિન્સિપાલે તરત જ મિટિંગ બોલાવી અને મામલાની તપાસ શરૂ કરી. ફરિયાદી વિદ્યાર્થી બિહાર રાજ્યનો રહેવાસી છે.

આ બાબતે પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે ૩ વાગ્યે અમને અમારા એક વિદ્યાર્થીની વોટ્સએપ પર ફરિયાદ મળી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે રાત્રે કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીને ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીનો આરોપ છે કે તેને રેગિંગના નામે ડ્રગ્સ આપવામાં આવે છે. અમે તરત જ બેઠક બોલાવી અને એક વરિષ્ઠ પ્રોફેસર સહિત ચાર લોકોની કમિટી બનાવી. તે કમિટી તપાસ પૂર્ણ કરશે અને બે દિવસમાં તેનો રિપોર્ટ આપશે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ રેગિંગમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના વરિષ્ઠ મનોચિકિત્સક ડૉ. રાજીવ મહેતા કહે છે કે રેગિંગ પાછળની માનસિકતા એક અલગ પ્રકારનો ઘમંડી આત્મસંતોષ આપે છે. જે વિદ્યાર્થીઓ પોતાને સિનિયર માને છે તેઓ જુનિયરની સામે પોતાને શ્રેષ્ઠ અને શ્રેષ્ઠ બતાવવાનો પ્રયાસ કરે છે. તેના સિનિયરે રેગિંગ કર્યું હતું, તેથી તે ઘણી દલીલો સાથે તેને યોગ્ય ઠેરવે છે અને ખરાબ રીતે રેગિંગ કરીને તેના સિનિયર કરતાં એક ડગલું આગળ રહેવાની સ્પર્ધા કરે છે.

### ઈમરજન્સી લેન્ડિંગનું કારણ હજુ અકબંધ

# પોરબંદર નજીક દરિયામાં કોસ્ટગાર્ડ હેલિકોપ્ટરના ઈમરજન્સી લેન્ડિંગમાં ૩ ક્રૂ મેમ્બર ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

પોરબંદર,તા.૩ઃ ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતુ ભારતીય કોસ્ટ ગાર્ડનું હેલીકોપ્ટર ધ્રુવનું અરબી સમુદ્રમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટ ગાર્ડના બે પાયલટ ગુમ છે. તેની સાથે એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો. તેની પણ કોઈ જાણકારી મળી રહી નથી. મળતી માહિતી મુજબ, એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે. સમગ્ર મામલાની જાણકારી ધરાવતા અધિકારીઓનું કહેવું છે કે હેલિકોપ્ટરે સોમવારે રાત્રે પોરબંદર નજીક દરિયામાં ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. જેમાં બે પાઈલટ અને બે ડાઈવર સવાર હતા. ઈમરજન્સી લેન્ડિંગ બાદ રિકોનિસન્સ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું ત્યારે એક ડાઈવરનો બચાવ થયો હતો. પરંતુ અન્ય ત્રણ લોકો હજુ લાપતા છે.

ગુજરાતમાં પૂર સંબંધિત ઓપરેશનમાં કોસ્ટ ગાર્ડે ૪ જહાજ અને બે એરક્રાફ્ટ તૈનાત કર્યા છે. જની મદદથી અત્યાર સુધીમાં ભારતીય કોસ્ટ ગાર્ડના એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરે ૬૭ લોકોના જીવ બચાવ્યા છે. કોસ્ટ ગાર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે લગભગ ૧૧ વાગ્યે હેલિકોપ્ટર ધ્રુવનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન વિમાનનો કાટમાળ મળી આવ્યો છે. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે હેલિકોપ્ટર એક જહાજ પાસે પહોંચવા જઈ રહ્યું હતું. કોસ્ટ ગાર્ડે હાલમાં સર્ચ ઓપરેશનમાં ૪ જહાજોને ઉતાર્યા છે. ઈમરજન્સી લેન્ડિંગનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પ્રાથમિક તપાસ બાદ જ આ અંગે કોસ્ટ ગાર્ડ દ્વારા નિવેદન જારી કરી શકાશે.

### ગાઝા યુદ્ધ વચ્ચે બ્રિટનનો મોટો નિર્ણય

# ઈઝરાયેલને હથિયારોની નિકાસ ઉપર પ્રતિબંધ

**બ્રિટને ઈઝરાયેલમાં નિકાસ કરવામાં આવતા કેટલાક હથિયારો પર આંશિક પ્રતિબંધ લગાવી દીધો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈઝરાયેલ, તા.૩ઃ બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ હાઉસ ઓફ કોમન્સમાં એક નિવેદન જારી કરીને કહ્યું કે ૩૫૦માંથી ૩૦ હથિયારોના નિકાસ લાઈસન્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. જો કે, સ્પષ્ટતા કરવામાં આવી છે કે હથિયારોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે નહીં. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બ્રિટને મોટી જાહેરાત કરી છે. બ્રિટને ઈઝરાયેલમાં નિકાસ કરવામાં આવતા કેટલાક હથિયારો પર આંશિક પ્રતિબંધ લગાવી દીધો છે. બ્રિટનને આશંકા છે કે આ હથિયારોના ઉપયોગથી આંતરરાષ્ટ્રીય માનવાધિકાર કાયદાનું ગંભીર ઉલ્લંઘન થઈ શકે છે.બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ હાઉસ ઓફ કોમન્સમાં નિવેદન જારી કરીને કહ્યું કે ૩૫૦માંથી ૩૦ હથિયારોના નિકાસ લાયસન્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. જો કે સ્પષ્ટતા કરવામાં આવી છે કે હથિયારોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવશે નહીં.બ્રિટનની શાસક લેબર પાર્ટીની સરકાર ગાઝામાં યુદ્ધ વચ્ચે ઈઝરાયલ સામેના કડક વલણ માટે દબાણ હેઠળ હતી. આ વર્ષે જુલાઈમાં યોજાનારી ચૂંટણીમાં લેબર પાર્ટી સત્તામાં છે અને સત્તામાં આવ્યા બાદ તેમણે આ નિર્ણય લીધો છે.લેમીએ સાંસદોને જણાવ્યું હતું કે બ્રિટનના નિકાસ લાયસન્સની સમીક્ષા કરવાની સરકારની જવાબદારી છે. તે ખૂબ જ ખેદ સાથે છે કે હું ગૃહને જાણ કરું છું કે સમીક્ષા દરમિયાન તે સ્પષ્ટ થઈ ગયું છે કે ઈઝરાયેલ ખરેખર માનવ અધિકાર કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં કેટલાક બ્રિટિશ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે.જો કે, બ્રિટન ઈઝરાયેલને સીધા હથિયારો સપ્લાય કરતું નથી. તેના બદલે, તે કેટલીક બ્રિટિશ કંપનીઓને ઈઝરાયેલને શસ્ત્રો વેચવા માટે નિકાસ લાઈસન્સ આપે છે. યુકે સરકારે આ નિર્ણય વ્યૂહાત્મક નિકાસ લાઈસન્સિંગ માપદંડ હેઠળ લીધો છે, જે માનવતાવાદી કાયદાના ઉલ્લંઘનના જોખમના આધારે લેવામાં આવ્યો છે.

# કચ્છના મુંદ્રામાં ફરી પાછી સોપારીની દાણચોરી પકડાઈ

**મૂળ તો શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાં સોપારી થાય છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવીને તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

કચ્છ,તા.૩ઃ કચ્છના મુંદ્રામાં ફરી પાછી સોપારીની દાણચોરી પકડાઈ છે. આ વખતે પણ ત્રણ કરોડની સોપારી પકડાઈ છે.

આ કન્ટેનરને બિલ મુજબ પીવીસી રેઝિનનું કન્ટેનર જાહેર કરવામાં આવ્યું હતું. તેનું વજન લગભગ ૫૩ ટન છે. મુંદ્રા કસ્ટમ્સની એસઆઈઆઈબી શાખાને મળતી માહિતીના આધારે મુંદ્રા કસ્ટમ્સના પ્રિન્સિપાલ કમિશ્નર કે. એન્જિનીયરની સૂચનાથી કસ્ટમ્સે કરેલી તપાસમાં બે મોટા ૪૦ ફૂટ સાઈઝના કન્ટેનરમાં સંપૂર્ણપણે સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવતા સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા હતા. આમ તેમને મળેલી બાતમી સાચી પુરવાર થઈ હતી.કસ્ટમ્સે પકડેલો જથ્થો દુબઈથી આવ્યો હતો. કંડલા કાસેઝ (કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન)ના એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં પીવીસી રેઝિન એટલે કે, પ્લાસ્ટિકના દાણા દર્શાવાયેલા હતા, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૩ ટન વજનની સોપારી મળી આવી હતી. આ સાથે જ ફરી એકવાર સોપારીની દાણચોરી હજુ કોઈ ડર વિના ચાલુ હોવાનું ફલિત થાય છે. જાણકાર સૂત્રો ઉમેરે છે કે, મૂળ તો શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાં સોપારી થાય છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવીને તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે.આ વખતે પીવીસી રેઝિન દર્શાવાયા કે જેનો જથ્થો સામાન્ય રીતે મોટી કંપનીઓ દ્વારા નિયમિત રીતે અને મોટા જથ્થામાં આયાત થાય છે અને પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા આવતો આ જથ્થો લગભગ બરાબર જ હોવાનું પાસ થઈ જતું હોય છે અને તપાસ પણ ઓછી થતી હોય છે. હવે આવો જથ્થો દેખાડી તેની આડમાં સોપારી ઘૂસાડવાનો ફરી સિલસિલો શરૂ થયો હોવાનું મનાય છે.

### સુરત ACBએ એકની ધરપકડ કરી

# ઈમાનદાર AAPના બે કોર્પોરેટરોએ ૧૦ લાખની લાંચ માંગી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૩ઃ દેશમાં સૌથી મોટી ઈમાનદાર પાર્ટી હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટીના જ સુરતના બે કોર્પોરેટર સામે ૧૦ લાખની લાંચ માગવા મામલે છઝ્રમ્એ ગુનો નોંધ્યો છે.બન્ને કોર્પોરેટરોએ મલ્ટી લેવલ 'પે એન્ડ પાર્ક'ના કોન્ટ્રાક્ટરે શાકભાજી માર્કેટની જગ્યામાં દબાણ કર્યું હોવાનું જણાવી કોન્ટ્રાક્ટ રદ કરાવવાની ધમકી આપી ૧૦ લાખની લાંચની માગ કરી હતી. હાલ ACBએ વિપુલ સુહાગિયાને ઝડપી લીધા છે અને જીતુ કાછડિયા હાલ ફરાર છે.

સુરત મહાનગરપાલિકાના મગોબ ગામની સીમમાં મલ્ટી લેવલ પે એન્ડ પાર્કની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ પે એન્ડ પાર્કની સુવિધાવાળી જગ્યાની બાજુમાં મહાનગરપાલિકા દ્વારા શાક માર્કેટની જગ્યા પણ ફાળવવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકાના પુણા વોર્ડ નં. ૧૬ અને ૧૭ના કોર્પોરેટર જીતુ કાછડિયા અને વિપુલ સુહાગીયાએ પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરને શાકભાજી માર્કેટની કોર્પોરેશનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરેલાનું જણાવી ફરિયાદી સાથે તકરાર અને બોલાચાલી કરી હતી. આ અંગે પોલીસ ફરિયાદ અને કોન્ટ્રાક્ટ રદ કરાવી દેવાની ધમકી આપી હતી. કોન્ટ્રાક્ટર પાસે આ બંને કોર્પોરેટરોએ ૧૧ લાખ આપવા પડશે તેવી માગણી કરી હતી.

આ અંગે બંને કોર્પોરેટરોએ કોન્ટ્રાક્ટ સાથે રૂબરૂમાં તથા મોબાઈલ ફોન પર લાંચની માગણી અંગેની વાત કરી અને લંબાણપૂર્વકની રકઝક બાદ ૧૦ લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું.

### ચીનમાં એક ભયંકર અકસ્માત થયો

# સ્કુલ બસે ૧૧ લોકોને કચડયા, મૃતકોમાં ૫ વિદ્યાર્થીઓ, ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચીન,તા.૩ઃ ચીનમાં એક ભયંકર અકસ્માત થયો છે. એક સ્કૂલ બસે બાળકો અને તેમના વાલીઓને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ૫ વિદ્યાર્થીઓ સહિત ૧૧ લોકોના અવસાન થયા છે. જ્યારે ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પૂર્વ ચીનના શાનડોંગ પ્રાંતમાં આજે સવારે શું થયું, જ્યારે સ્કૂલ બસ બાળકોને ઉતારીને પરત ફરી રહી હતી ત્યારે અચાનક તેનું સંતુલન ગુમાવી દીધું અને બસ સ્કૂલના એન્ટ્રી ગેટ પર ભીડમાં ઘૂસી ગઈ. વાલીઓ તેમના બાળકોને શાળાએ મૂકવા આવ્યા હતા, જેઓ બસ દ્વારા કચડાઈ ગયા હતા. બેકાબૂ બસની ભયાનકતા જોઈને ઘટનાસ્થળે અરેરાટી ફેલાઈ ગઈ હતી. દિવાલ સાથે અથડાયા બાદ બસ ત્યાં જ ઉભી રહી હતી. અકસ્માતના સમાચાર મળતાની સાથે જ પોલીસ અને શાળા પ્રશાસન ઘટના સ્થળે પહોંચી ગયું હતું. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ૧૧ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા હતા.

ડોંગપિંગ કાઉન્ટી પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, આ અકસ્માત પૂર્વી ચીનના શાનડોંગ પ્રાંતના તાઈઆન શહેરમાં થયો હતો. સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ બસ શાળાના બાળકોને ઉતારીને પરત ફરી રહી હતી ત્યારે અચાનક તેનું સંતુલન ખોરવાઈ ગયું હતું. પોલીસે બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો છે, પરંતુ બસનું સંતુલન ગુમાવવાનું અને અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. સોશિયલ મીડિયા પર અકસ્માતની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે.

જે મુજબ ગ્રે કલરની મોટી બસ ક્ષતિગ્રસ્ત હાલતમાં ઉભી છે. નજીકના લોકો રસ્તા પર ઘાયલ થયેલા બાળકોની સંભાળ લઈ રહ્યા છે. તેમના કપડાં લોહીથી ખરડાયેલા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં શાનડોંગ પ્રાંતના પૂર્વી શહેર વેહાઈમાં એક અકસ્માત થયો હતો. એક સ્કૂલ બસ ટનલની અંદર અથડાઈ હતી અને આગની લપેટમાં આવી ગઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવર, ૬ ચીની બાળકો અને ૫ દક્ષિણ કોરિયાના બાળકો ભડથું થઈ ગયા હતા. હવે આ અકસ્માતે લોકોના મનમાં તે અકસ્માતની યાદો તાજી કરી દીધી છે.

# ફિલિપાઈન્સમાં જોરદાર તોફાન સાથે પૂર અને ભૂસ્ખલનઃ ૧૪ લોકોના ગયા જીવ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ફિલિપાઈન્સ,તા.૩ઃ ઉત્તરીય ફિલિપાઈન્સમાં મંગળવારે જોરદાર તોફાનના કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૧૪ લોકોના મોત નીપજ્યા. આપત્તિ પ્રતિભાવ અધિકારીઓએ આ વિશે જાણકારી આપી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉષ્ણકટિબંધીય તોફાન યાગી ઈલોકોસ નોર્ટે પ્રાંતના પાઓય શહેરથી થતાં દક્ષિણ ચીન સાગરમાં ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટકરાયુ અને તેની ઝડપ ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી ગયુ. સમુદ્રથી ઉત્તર-પશ્ચિમની દિશામાં દક્ષિણ ચીન તરફ વધવા દરમિયાન યાગી ચક્રવાતી તોફાનનું રૂપ ધારણ કરે તેવી શક્યતા છે.

ઉત્તરીય ફિલિપાઈન્સના મોટાભાગના પ્રાંતોમાં તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. લોકોને વરસાદથી પ્રભાવિત પહાડી ગામોમાં ભૂસ્ખલન અને દેશના સૌથી વધુ વસતી વાળા વિસ્તાર લૂજોનના નીચલા વિસ્તારોમાં પૂરના જોખમ પ્રત્યે સતર્ક કરવામાં આવ્યા છે.

સ્થાનિક સ્તરે એનટેંગ નામથી જાણીતા યાગી તોફાનથી ફિલિપાઈન્સમાં ચોમાસાનો વરસાદ વધ્યો છે. ગાઢ વસતી ધરાવતા મનીલા અને લૂજોનમાં મૂશળધાર વરસાદના કારણે મંગળવારે પણ સ્કુલ અને સરકારી કાર્યાલય બંધ રહ્યા. એન્ટિપોલોના આપત્તિ શમન અધિકારી એનરિલિટો બર્નાર્ડો જુનિયરે જણાવ્યુ કે ઉત્તરી અને મધ્ય પ્રાંતોમાં ભૂસ્ખલન, પૂર અને નદીઓમાં તોફાનના કારણે ૧૪ લોકોના મોત નીપજ્યા. બર્નાર્ડોએ જણાવ્યુ કે પૂરમાં ઘણા ઘર વહી જવાના કારણે ચાર ગ્રામજનો ગુમ થવાના સમાચાર છે. તોફાનને જોતાં સમુદ્રી યાત્રા પર રોક અને ૩૪ ફ્લાઈટને રદ કરવાના કારણે સોમવારે બંદર અને એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાઈ ગયા.

# વલસાડની ઔરંગા નદી પૂર્વ તરફ રસ્તો અને લાઈટ માટે માજી પાલિકા સભ્યની રજૂઆત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા ૩:** ગણેશ વિસર્જન અંગે ઔરંગા નદી સ્મશાનભૂમિની સામે પૂર્વ તરફ રસ્તો તથા લાઈટની સુવિધા આપવા માટે નગરપાલિકાના માજી સભ્ય, પાલિકા વહીવટદાર, ચીફ ઓફિસર, સીટી ઈજનેરને લેખિત રજૂઆત કરી છે.

વલસાડ નગરપાલિકા માજી સભ્ય ગીરીશભાઈ દેસાઈ વલસાડ નગરપાલિકા વહીવટદાર, ચીફ ઓફિસર અને સીટી ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી કે વલસાડ શહેર વિસ્તાર ઔરંગા નદી કૈલાશ રોડ, સ્મશાનભૂમિ સામે પૂર્વ તરફ અંદાજે ૩૦૦ થી વધુ ગણપતિનું વિસર્જન પ્રથમ દિવસથી સતત કરવામાં આવે છે. ગત વર્ષે લાઈટની સુવિધા કરેલ આથી આવનાર ગણેશ વિસર્જનને ધ્યાનમાં લઈ વિસર્જનનાં વાહનો માટે રસ્તો તથા રાત્રી દરમ્યાન વિસર્જનની સુવિધા રહે માટે ૧૦ જેટલી હેલોજન લાઈટની સુવિધા કરવા વિનંતી છે. વિસર્જનનાં રસ્તા માટે જરૂરી જેસીબીથી મરામત કરી જરૂરી મેટલ નાખી યોગ્ય રસ્તો બનાવવા માંગ કરી છે.

# નવસારી જિલ્લામાં એક સાથે ૨૯ પોલીસકર્મીઓને બઢતી અપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા,તા.૦૩:** નવસારી જિલ્લાના પોલીસ તંત્રમાં અનેક પોલીસ કર્મચારીઓને પવિત્ર શ્રાવણ માસ ફળ્યો છે. નવસારી જિલ્લામાં પોલીસ વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા ૨૯ કર્મચારીઓની બઢતી આપવામાં આવતા પોલીસબેડામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આર્મ હેડકોન્સ્ટેબલમાંથી ૯ એ એસ આઈ, આર્મ પોલીસ કોન્સ્ટેબલમાંથી હેડ કોન્સ્ટેબલ ૦૮ તથા આર્મ હેડ કોન્સ્ટેબલમાંથી એએસઆઈ ૦૬ અને આર્મ પોલીસ કોન્સ્ટેબલમાંથી હેડ કોન્સ્ટેબલ ૦૬ મળી કુલ ૨૯ પોલીસ કર્મચારીઓને ગુરુવારે બઢતી આપવામાં આવી હતી. નવસારી જિલ્લા પોલીસવડા સુશીલ અગ્રવાલ અને નવસારી જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક એસ કે રાયએ બઢતી પામેલા તમામ પોલીસ કર્મચારીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# મહારાષ્ટ્ર રાજ્યમાં વિવિધ માંગણીઓનાં સંદર્ભે એસટી સેવા ઠપ્પ: મુસાફરો રઝળ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા,તા.૦૩:** મહારાષ્ટ્ર રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વચ્ચે વિવિધ વિભાગો દ્વારા હડતાળ અને મોર્ચાઓની સીઝન ચાલી રહી છે. ત્યારે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન વિભાગ દ્વારા વિવિધ માંગણીઓનાં મુદ્દે મહારાષ્ટ્ર એસટી સેવા બંધ કરી દેતા ગુજરાતની આંતર રાજ્ય એસટી સેવા ઠપ્પ થઈ જતા મુસાફરો રઝળી પડ્યા હતા. તાજેતરમાં જ સાપુતારા ગુજરાતને અડીને આવેલ સુરગાણા તાલુકામાં આદિવાસી પેસા કાયદા અંતર્ગત આદિવાસી સંગઠન દ્વારા ચક્કજામ કર્યા બાદ હવે મહારાષ્ટ્ર એસટી વિભાગ દ્વારા વિવિધ પડતર માંગણીઓનાં મુદ્દે સંપૂર્ણ મહારાષ્ટ્રમાં એસટી સેવા અચોક્કસ મુદત માટે બંધ કરી દેતા ગુજરાતનાં જામનગર, ભાવનગર, અમરેલી, રાજકોટ, ખેડબ્રહ્મા, ચાણસ્મા, પાટણ, ગાંધીનગર,



મહેસાણા, ગોંડલ, રાજપીપલા, વડોદરા, સુરતથી નાસિક શિરડીને જોડતી આંતરરાજ્ય બસ સેવા ફરી એકવાર સાપુતારા સુધી જ સીમિત બની જતા અસંખ્ય મુસાફરો રઝળી પડ્યા હતા. જોકે એસટી સેવા બંધ હોય ખાનગી વાહનો ચાલુ હોય મુસાફરો વૈકલ્પિક વ્યવસ્થાથી રાહત અનુભવી હતી. મહારાષ્ટ્ર એસટી મહામંડળની આકસ્મિક હડતાળને પગલે ગુજરાત એસટી નિગમે સરકારી બસને નુકસાન ન થાય અને મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખી મહારાષ્ટ્ર એસટી કર્મચારીઓની હડતાલ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગુજરાતની એસટીને સાપુતારા ડેપો સુધીજ ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યુ છે, જેથી ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં જતા મુસાફરોએ સગવડતા કરી જવા અનુરોધ કરાયો છે.

# બલવાડામાંથી દારૂ ભરેલ ટેમ્પા સાથે ચાલકની ધરપકડ: ત્રણ વોન્ટેડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી,તા.૩:** ચીખલી પોલીસે બલવાડા ગામની હદ માંથી ગોવાથી વડોદરા લઈ જવાતો રૂા.૪૨.૩૪ લાખનો દારૂ સાથે ટેમ્પો ઝડપ્યો પોલીસે ચાલકની ધરપકડ કરી દારૂ ભરેલ ટેમ્પો આપનાર તેમજ દારૂનો જથ્થો મંગાવનાર બે શખ્સો સહિત કુલ ત્રણને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઘટનાની પ્રાત માહિતી અનુસાર ચીખલી પોલીસ સ્ટેશનના પોસઈ સમીર કડીવાલા તેમજ ડિસ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન અહે.કો અલ્પેશ નવનીતભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે એક સફેદ કલરનો અશોક લેલન ટેમ્પો નંબર જીજે-૦૬-બીવી-૬૨૯૦માં દારૂનો જથ્થો સુરત તરફ જઈ રહ્યો છે જે બાતમીના આધારે પોલીસે ને.હા નંબર ૪૮ ઉપર મુંબઈ થી અમદાવાદ જતા ટ્રેક ઉપર બલવાડા ઓવરબ્રીજના ઉત્તર છેડે વોચ રાખી હતી દરમિયાન બાતમીવાળો ટેમ્પો પોલીસને નજરે ચઢતા ટેમ્પાને આંતરીને ટેમ્પાની તલાસી લેતા ટેમ્પામાં ૮૦૨ જેટલા પુઠાના બોક્સમાં ૧૮૦ એમએલ ની વિસ્કીની બોટલો નંગ ૩૮.૪૯૬ જેની કિંમત રૂપિયા ૪૨. ૩૪. ૫૬૦ જે મળી આવતા પોલીસે ઉપરોક્ત દારૂનો જથ્થો કબ્જે કરી એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦૦ તેમજ ૧૨ લાખનો લેલન ટેમ્પો મળી કુલ રૂપિયા ૫૪. ૩૯. ૫૬૦ નો મુદ્દા માલ કબજે કરી ટેમ્પો ચાલક રામનિવાસ રાધિકા નામદેવ ઉ.વ. ૩૮ રહે. ગામ ઘૂંઘટા તા રામપુર નૈકીન જી. સીધી મધ્ય પ્રદેશની અટક કરી પૂછપરછ કરતા ઉપરોક્ત દારૂનો જથ્થો ગોવા સાવંત વાડી ખાતેથી દારૂ ભરેલ ટેમ્પો ડૂબે નામનો શખ્સ આપી ગયેલ તેમજ દારૂનો જથ્થો વડોદરા નજીક કોયલી ગામે અનિલ મકવાણા અને હરીશ મકવાણા નામના શખ્સોએ મંગાવેલ હોય પોલીસે આ ત્રણે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે બનાવની વધુ તપાસ નવસારી એલસીબીના પીઆઇ વી.જે. જાડેજા કરી રહ્યા છે.

# સુંઠવાડના પાટીયા પાસે પીકઅપ ટ્રક સાથે અથડાઈ: પીકઅપ ચાલકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી,તા.૩:** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ સુંથવાડ ગામના પાટીયા પાસે એક પીકઅપ ચાલકે પોતાનો ટેમ્પો પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી આગળ ચાલતા કોઈ અજાણ્યા વાહન સાથે અથડાવી દેતા ટેમ્પા ચાલકનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું છે.

ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર સુંઠવાડ ગામના પાટીયા પાસે મુંબઈથી સુરત જતા ટ્રેક ઉપર રાત્રિના સમયે એક ટાટા કંપનીનો ટેમ્પો નંબર એમએચ ૦૩ ડીવી ૨૬૦૧નો ચાલક શિવરાજ સિંહ પરદોસિંહ રહે. સંઘર્ષ નગર યાદીવલી ફાર્મ રોડ અંધેરી ઈસ્ટ મુંબઈ મૂળ રહે. ઈટ થારા ગામ તા.જી. બદોઈ થાણા ઉત્તર પ્રદેશ જેણે પોતાનો ટેમ્પો પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી ટેમ્પાની આગળ ચાલતી કોઈ ટ્રક સાથે અથડાવી દેતા ટેમ્પા ચાલક શીવરાજસિંહને માથામાં અને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું બનાવની વધુ તપાસ ચીખલી પોલીસે હાથ ધરી છે.

# બીલીમોરામાં ગઠિયા વૃદ્ધ મહિલાને ભોળવી સોનાનાં દાગીના સેરવી ગયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા.૩ :** બીલીમોરા સ્ટેશન રોડ ઉપર ઘર સાથેની દુકાનમાં સોમવાર સાંજે બે ગઠિયા દાન માટે ૧૦ ટી-શર્ટ ખરીદવાનાં ઓઠા હેઠળ વૃદ્ધ મહિલાનાં બે તોલા સોનાનાં દાગીના સેરવી જતા ચકચાર મચી હતી. પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી હતી. બીજી એક ઘટનામાં ગૌહરબાગમાં મહિલાનાં ગળામાંથી બાઈકર્સે ચેઈન સ્નેચિંગ કરતા મહિલાનાં હાથે ફેક્ચર થયું, ચેઈન બચી જવા પામી હતી.

બીલીમોરા સ્ટેશન રોડ ભરચક વિસ્તારમાં મદ્રાસ કાફેની બાજુમાં ઘર સાથેની દુકાનમાં કપડાં વેચી પરીવાર જીવન નિર્વાહ કરે છે. દરમ્યાન સોમવાર સાંજે શૈલાબેન નરેન્દ્રભાઈ ભાવસાર (૬૫) દુકાન ઉપર હાજર હતા. તે વેળા સાંજે ૭:૧૫ કલાકનાં અરસામાં ગ્રાહકનાં સ્વાંગમાં એક ગઠિયો આવ્યો હતો. અને એકલી વૃદ્ધાને જોઈ દાવ અજમાવ્યો હતો. ૧૦ ટી શર્ટ દાનમાં આપવી છે કહી ભાવતાલ કરતા વૃદ્ધાએ એક ટી શર્ટ નાં રૂા. ૧૦૦ હોવાનું જણાવ્યું હતું. તો ગ્રાહકનાં સ્વાંગમાં આવેલા ગઠિયાએ ખિસ્સામાંથી રૂપિયાનું બંડલ કાઢી રૂા.૧ હજાર આપ્યા હતા. વૃદ્ધા ઘરમાં રૂપિયા




મુકવા જતા ગઠિયો પણ તેની પાછળ ઘરમાં ગયો હતો. અને મહિલા કઈ સમજે તે અગાઉ એક કોથળીમાં રૂપિયા અને ચાર પારલેજીનાં પેકેટ મૂકી દીધા હતા. અને મહિલાને થેલી પકડાવી તેણે પહેરેલી ૧૫ ગ્રામ સોનાની ચેઈન, બે ગ્રામ લોકેટ અને ત્રણ ગ્રામની વીંટી ઉતારી, કોથળીમાં મુકવાનો ઢોંગ કર્યો હતો. અને અર્ધા કલાક બાદ થેલી ખોલવાનું કહી દુકાન બહાર નીકળી ગયો હતો. અને થોડે દુર બાઈક સાથે ઉભેલા સાગરીત સાથે પલાયન થયો હતી. બીજી તરફ ગણતરીની મિનિટમાં મહિલાને હોશ આવતા કોથળી ખોલી જોતા ઘરેણાં ગાયબ હતા. જેને કારણે બુમાબુમ કરતા લોકો મદદે આવ્યા હતા. અને ચારે તરફ શોધખોળ કરી હતી. પરંતુ ગઠિયા હાથ લાગ્યા ન હતા. ભોગ બનનાર પરીવારે પોલીસને લેખિત જાણ કરતા સીસીટીવી આધારે તપાસ હાથ ધરી હતી.

બીલીમોરા ગૌહરબાગમાં સોમવાર સાંજે ચેઈન સ્નેચિંગની નિષ્ફળ ઘટના બનવા પામી હતી જેમાં અનાવિલ વાડી નજીક હરીમોહન એપાર્ટમેન્ટમાં રહેતા મંજુલાબેન નાયક સોમવારે બપોરના સમયે બીલીમોરા સોમનાથ મંદિરેથી દર્શન કરી ઘરે પરત ફરી રહ્યા હતા. ઘર નજીક પહોંચ્યા હતા. તે વેળા એક બાઈક ઉપર સવાર બે ગઠિયા પૈકી બાઈક પર પાછળ બેસેલા શખ્સે એકાએક મંજુલાબેનનો અછોડો તોડવા પ્રયાસ કર્યો હતો. અછોડો ખેંચતા મંજુલાબેન જમીન પર પટકાયા હતા. જેને પગલે હાથમાં ફેક્ચર થયું હતું. જોકે તેમનો અછોડો નહિ તૂટતાં સ્નેચરોનો પ્રયાસ નિષ્ફળ બન્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ હતી. બીલીમોરા પોલીસ લેખિત અરજી આધારે સીસીટીવી ફૂટેજ ફંફોસવાના કામે લાગી છે. બીલીમોરા સોમનાથ મંદિર મેળાનાં બંદોબસ્ત વચ્ચે ગઠિયા બે સ્થળે કસબ અજમાવતા પોલીસનાં પેટ્રોલીંગ સામે તર્ક વિતર્ક વહેતા થયા છે.

### પોષણ અભિયાન ઉજવણી અંતર્ગત

# આજે વલસાડ જિલ્લામાં કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક મળશે

**(દમણગંગા ટાઈમ્સ)**
**વલસાડ, તા.૩:** સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં પોષણના પરિણામોને સર્વગ્રાહી રીતે સુધારવાના પ્રયાસ હેઠળ પોષણ અભિયાનની શરૂઆત વર્ષ ૨૦૧૭-૧૮માં કરવામાં આવી હતી. ત્યારથી આજ દિન સુધી ૬ પોષણ માસની ઉજવણી કરવામાં આવી છે. જેમાં જાહેર જનતાનો સારો પ્રતિસાદ મળતા હવે વર્ષ ૨૦૨૪-૨૫ માં સાતમા રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી તા. ૧ થી તા. ૩૦ સપ્ટેમ્બર સુધી કરવામાં આવશે. જેમાં એનિમિયા, વૃધ્ધિ દેખરેખ, પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી તેમજ સર્વગ્રાહી પોષણની થીમ ઉપર વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં પોષણ અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ સુવ્યવસ્થિત અને બહોળા પ્રમાણમાં થાય તે માટે તા. ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૫-૩૦ કલાકે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

**(અનુ. પાના નં.૧નું ચાલુ...)**
**વલસાડ પાલિકાના..........**

જોકે વહીવટી તંત્ર દ્વારા હનુમાન ભાગડા ગામે સહાય માટે વિસ્તારના સર્વે કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ વલસાડ શહેરના સૌથી નીચાણવાળા વિસ્તાર એવા વોર્ડ નંબર બે વિસ્તારમાં સર્વેની કામગીરી તો બાજુ રહી પરંતુ વહીવટી તંત્ર દ્વારા વિસ્તારની મુલાકાત પણ લીધી ન હોવા અંગે આજરોજ વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર બેના માજી સભ્ય અને નગરપાલિકા માજી પ્રમુખ રાજુ મરચા, માજી સભ્યો ઉર્વશીબેન પટેલે વલસાડ જિલ્લા કલેકટર મામલતદાર અને પાલિકા વહીવટદાર, ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી જણાવ્યું કે ગત તા.૨૪ અને ૨૫-૮-૨૦૨૪નાં રોજ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ઔરંગા નદી પોતાની ભયજનક સપાટી વટાવી પુરની પરિસ્થિતિ ઉદભવેલ હતી, જેનાં લીધે નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ભરાયેલા હતાં, એમાં વોર્ડ નં.૨ માં આવતાં વિસ્તારો જેવાં કે કાશ્મીર નગર, બરુડીયા વાડ, સાગર ડેરી રોડ, વલસાડ પારડી, હરિજનવાસ, યાદવ નગર, બંદર રોડ, તરિયાવાડ નવી ચાલ, મોટાં પારસીવાડની પાછળનો ભાગ, નાયકીવાડ તથા હનુમાન ભાગડા, અબ્રામા વિસ્તારના નીચાણવાળા ભાગોમાં પુરનું પાણી ઘુસી ગયું હતું. હનુમાન ભાગડા વિસ્તારમાં જો રેલગ્રસ્ત વિસ્તારના રાહત દરનાં ફોર્મ ભર્યા હોય ત્યારે વોર્ડ નં.૨ નાં રેલગ્રસ્ત વિસ્તારના રાહત દરનાં ફોર્મ ભરવા આવ્યા નથી. જેથી તાત્કાલિક વિસ્તારની મુલાકાત લઈ સર્વે કામગીરી કરવાની માંગણી કરી છે.

---

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી.૯૯-૨૦૨૪

**અરજદાર : પ્રજ્ઞેશભાઈ નારણભાઈ પટેલ**
રહે. ગોઈમા મંદીર ફળિયુ તા.પારડી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી ગોઈમા**
**તા.પારડી જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી પ્રજ્ઞેશભાઈ નારણભાઈ પટેલ રહે. ગોઈમા મંદીર ફળિયુ તા.પારડી જી.વલસાડનાઓએ તેઓના પિતા નારણભાઈ લલ્લુભાઈ પટેલનું મરણ તા.૦૫-૦૫-૨૦૨૦ના રોજ મોજે. ગોઈમા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.૯૯-૨૦૨૪/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી, તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિં/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

---

**હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન**
**ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ**

**ખગોળશાસ્ત્ર, જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જુનિયર સાયન્સમાં રાષ્ટ્રીય ઓલિમ્પિયાડ કાર્યક્રમ ૨૦૨૪-૨૦૨૫**

કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ ઈન્ડિયન એસોસિએશન ઑફ ફિઝિક્સ ટીચર્સ (IAPT) દ્વારા આયોજિત ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અનુરૂપ નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન્સ (NSEs) (વિજ્ઞાન વિષયો માટે)માં હાજર રહેવું આવશ્યક છે.

NSE માં લાયકાત એ ૨૦૨૫ ના અનુરૂપ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ્સમાં ભાગ લેવા તરફનું પ્રથમ પગલું છે.

**નોંધણી કરવા માટે :**
NSEs: https://www.iapt.org.in (ઓગસ્ટ ૨૧ - સપ્ટે.૧૪, ૨૦૨૪)

વધુ વિગતો માટે : https://olympiads.hbcse.tifr.res.in
https://www.iapt.org.in

Cbc 48/43/12/0005/2425

---

**યુનિફોસ ઈનટરનેશનલ લિમિટેડ**
**CIN:U24219GJ1992PLC027317**
**રજી. ઓફિસ : ૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જી.વલસાડ ગુજરાત - ૩૯૬૧૯૫**
**વેબસાઈટ :www.uilonline.com મેલ : uil@uilonline.com**

**નોટીસ**

આથી જાણ કરવામાં આવે છે કે, કંપનીઝ કાયદો ૨૦૧૩ની કલમ ૧૦૮ અન્વયે અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો મુજબ કંપનીએ ૩૨મી વાર્ષિક સામાન્યસભાની નોટીસમાં જણાવેલ કામકાજ બાબત રિમોટ ઈ મતદાન સુવિધા નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એન.એસ.ડી.એલ) દ્વારા પુરી પાડી છે જેની લિંક http.//www.evoting.nsdl.com છે.

આ રિમોટ ઈ મતદાનનો સમય મંગળવાર તા.૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૪ સવારે ૯:૦૦ વાગ્યેથી શરૂ થઈને ગુરુવાર તા.૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે. આ પછી એન.એસ.ડી.એલ. દ્વારા આ રિમોટ ઈ વોટિંગનું મોડ્યુલ મતદાન માટે નિષ્ક્રિય કરવામાં આવશે.

રિમોટ ઈ વોટિંગ દ્વારા મતદાનનો ઉપયોગ કર્યા પછી પણ સભ્ય ૩૨મી વાર્ષિક સામાન્યસભામાં હાજર રહી શકે છે. પરંતુ ફરીથી મતદાન માટે હક્કદાર રહેશે નહી. રિમોટ ઈ વોટિંગ બાબતમાં કોઈ પણ પુછપરછ હોય તો તેઓ ઈમેલ દ્વારા એન.એસ.ડી.એલ.ને evoting@nsdl.co.in અથવા ટેલિફોન નં. (ટોલ ફ્રી) ૧૮૦૦ ૨૨૨ ૯૯૦ ઉપર સંપર્ક કરવો.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી**
**સહી/-**
**બિપિન જાની**
**ડાયરેક્ટર**
**(ડિન : ૦૦૨૯૭૦૪૩)**

**તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૪**

---

**STARS MULTIPURPOSE CO-OPERATIVE SOCIETY LIMITED**
3rd Floor, Door No. 5-9-15, Opposite A.P. Secretariat, Saifabad, Hyderabad-500063
Contact No. : 040-23295940, Email Id: stars.mpcsl@starsmcsl.in (Regd. No. MSCS/CR/940/2014)

**NOTICE**

THE 11TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF STARS MULTIPURPOSE CO-OPERATIVE SOCIETY LIMITED IS SCHEDULED TO BE HELD ON 27TH DAY OF SEPTEMBER, 2024 ON FRIDAY AT 11:00 A.M. AT ITS REGISTERED OFFICE.

**AGENDA**

1. To confirm the minutes of last General Body Meeting.
2. To consider and adopt the audited financial statement of accounts for the Financial Year 2023-24.
3. To consider and approve the Auditors' Report and Annual Report for the Financial Year 2023-24.
4. To consider and approve the Audit Compliance Report.
5. To consider and approve the disposal of net profit.
6. To consider and approve the creation of specific reserve and other funds and their actual utilization.
7. To consider and approve the annual budget for the Financial Year 2025-26.
8. To consider and approve the annual action plan for the Financial Year 2025-26.
9. To apprise the list of employees who are relatives of members of the Board or of the Managing Director, if any.
10. To consider and approve the amendments of Bye-Laws, due to the MSCS (Amendment), Act 2023.
11. To apprise the formulation of Code of Conduct for the members of the Board.
12. To apprise the members about the re-conduct of elections of Board by Cooperative Election Authority.
13. To consider and approve the appointment/ re-appointment of Statutory Auditors for the Financial Year 2024-25.
14. To brief the members about the status of payment made through "CRCS Sahara Refund" Portal, till 31.03.2024, in compliance to the order of Hon'ble Supreme Court Dated-29.03.2023.
15. Any other item, if any, with the permission of Chairman.

Place : Hyderabad
Date : 29th August, 2024


By order of the Board
For Stars Multipurpose Co-operative Society Limited
Managing Director

**Note :**
In case the required quorum is not present within half an hour of the scheduled time, the meeting shall be adjourned to transact the aforesaid agenda items at 12:00 p.m. on the same day i.e. 27/09/2024 and that no quorum shall be necessary in the adjourned meeting.

લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી
ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી
ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી
ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેક્શન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA, VKC pride, sparx, RELAXO, Paragon, Bata, Lakhani, campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Wednesday 04, September 2024

# દમણગંગા ટાઈમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050




## કલ્પસૂત્ર : જૈન ધર્મનો જાજ્વલ્યમાન દસ્તાવેજ

હિમાલયની બરફીલી ચટ્ટાનોમાં જેમ માનવસરોવર શોભે તેમ વિશ્વના સર્વ ધર્મગ્રંથોમાં કલ્પસૂત્ર શોભે છે. કલ્પસૂત્ર એ પર્યુષણનો શ્વાસપ્રાણ છે એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી પરંતુ સત્યની જ ઉદ્ઘોષણા છે.

આજના દિવસે આ કલ્પસૂત્રનું પ્રેમ અને શ્રદ્ધાથી વાંચન કરવાનું છે. આ વાંચન વ્યક્તિને વિભૂતિ, પુરુષને પરમહંસ, નરને નારાયણ અને જીવને શિવ બનાવે છે. ભગવાન મહાવીરે કેવલ્યની પ્રાપ્તિ પછી સમોસરણમાંથી જ્ઞાનની જે ગંગોત્રી વહેવડાવી તે તેમના અગિયાર પટ્ટશિષ્યોએ ઝીલી લીધી અને તેને સૂત્રોમાં વણી લીધી. એ સૂત્રો જ આગમ તરીકે ઓળખાય છે.

એ સૂત્રોનો બે તૃતીયાંશ ભાગ પ્રભુ મહાવીરનું જીવનચરિત્ર રોકે છે. સાથેસાથે પ્રભુ પાર્શ્વનાથ, નેમીનાથ અને આદિનાથના જીવનની ઝલક પણ તેમાંથી મળે છે. સાથેસાથે ભગવાન મહાવીરના પરિનિર્વાણ પછીના મુનિવરોનાં જીવનનો ઘટનાક્રમ તેમાં દર્શાવ્યો છે. કહેવાય છે કે કલ્પસૂત્રનું જો કોઈ ૨૧ વખત વાંચન કે શ્રવણ શ્રદ્ધાથી કરે તો તેને માટે મુક્તિપુરીનાં દ્વાર ઊઘડી જાય છે.

# વલસાડ જિલ્લામાં ધોધમાર વરસાદ પડતા ઠેર ઠેર પાણી



**વલસાડમાં ૪ ઈંચ, ધરમપુરમાં ૧.૫ ઈંચ, પારડીમા ૩, કપરાડામાં ૨.૫, ઉમરગામમાં ૨.૫ ઈંચ, વાપીમાં ૩.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૦૩ :** આજે સવારે વલસાડ પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર શરૂ કરતાં વલસાડમાં માત્ર ચાર કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડતા શહેરના નીચાણવાળા વિસ્તારની સાથે વલસાડના છીપવાડા અને મોગરાવાડી રેલવે ગરનાળામાં પાણી ભરાતા રહીશોએ અને વાહનચાલકોએ રેલ્વે ફૂટ ઓવરબ્રિજનો ઉપયોગ કરવો પડ્યો હતો. વલસાડમાં ૪ ઈંચ, ધરમપુરમાં ૧.૫ ઈંચ, પારડીમાં ૩.૫ ઈંચ, કપરાડામાં ૨.૫ ઈંચ અને ઉમરગામમાં ૨.૫ ઈંચ, વાપીમાં ૩.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. બપોર બાદ સુરજ દાદાએ દર્શન આપતા લોકોને મોટી રાહત મળી હતી.

વલસાડ શહેરમાં મોડી રાતથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે જેને લઈ વલસાડ શહેરમાં વિવિધ રસ્તાઓ પર પાણી ભરાય જવાના કારણે વાહન ચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. શહેરના નિચાણ વિસ્તાર એવા એમ.જી. રોડ, છીપવાડ હનુમાન મંદિર, દાણા બજાર, બંદર રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાય જવાના કારણે વાહન ચાલકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. નગર પાલિકા દ્વારા યોગ્ય પ્રિમોન્સૂન કામગીરી ન કરવામાં આવતા વાહન ચાલકોએ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. થોડા જ વરસાદમાં શહેરના તમામ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતી. વલસાડ તાલુકામાં ધોધમાર વરસાદના કારણે શહેર તેમજ ગામડાંઓના રસ્તાઓ પાણી પાણી થઈ જવા પામ્યા છે. ધોધમાર વરસાદના કારણે ગામોમાં જતા મુખ્ય માર્ગો પર પાણી ભરાતા નોકરી પર જતાં લોકો અને શાળાએ જતા વિદ્યાર્થીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. વલસાડના સરોધી ગામ તથા લીલાપોર ગામના મુખ્ય માર્ગો પર પાણી ભરાય જતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતાં. મુખ્ય માર્ગો પર યોગ્ય પાણી નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે રસ્તાઓ પર પાણી ભરાય જવાની સમસ્યા સર્જાય છે. વલસાડના વાઘલધરા ગામેથી પસાર થતી ખરેરા નદી બે કાંઠે વહેતા લો લેવલના બ્રિજ પરથી પાણી ફરી વળતા વાઘલધરા, ચીમલા, તેજલાવ, બલવાડા ગામને જોડતો લો લેવલની બ્રિજ પાણીમાં ડૂબી જતા વાહન વ્યવહાર બંધ થઈ જતા લોકોને ભારે તકલીફો પડી હતી. વલસાડમાં ભારે વરસાદના પગલે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થતા રહીશોએ પોતાના ઘરનો માલ સામાન સહી સલામત જગ્યાએ ખસેડવાની ફરજ પડી હતી. જોકે છીપવાડ રેલવે ગરનાળુ અને મોગરાવાડી રેલ્વે ગરનાળામાં પાણી હોવાના કારણે વાહન ચાલકોએ રેલવે ફૂટઓવર બ્રિજ ઉપરથી જવાની ફરજ પડી હતી. જોકે વલસાડના મોગરાવાડી રેલવે ગરનાળામાં એક પાણીમાં બંધ પડી ગઈ હતી. જોકે સ્થાનિક લોકો દોડી જઈ પાણીમાં બંધ પડેલી કારને ધક્કો મારી બહાર કાઢી હતી. વલસાડમાં સવારથી જ પડેલા ધોધમાર વરસાદના પગલે નેશનલ હાઈવે સ્ટેટ હાઈવે અને શહેરના રસ્તા ફરીવાર બિસ્માર બની ગયા હતાં. વલસાડ જિલ્લામાં ગઈકાલે સોમવારે સાંજે ચાર વાગ્યાથી મંગળવારે સાંજે ચાર વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન વલસાડમાં ૪ ઈંચ, ધરમપુરમાં ૧.૫ ઈંચ, પારડીમાં ૩ ઈંચ, કપરાડામાં ૨.૫ ઈંચ, ઉમરગામમાં ૨.૫ ઈંચ , વાપીમાં ૩.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. બપોર બાદ સુરજ દાદાએ દર્શન આપતા લોકોને મોટી રાહત મળી હતી.

## વાપીની સ્કૂલમાં ગયેલા બે વિદ્યાર્થીઓ ગુમ : પોલીસે બીલીમોરા રેલ્વે સ્ટેશનથી શોધી કાઢ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૩ :** વાપીની સ્કૂલમાં ગયેલા ધો. ૭ અને ૩માં અભ્યાસ કરતા બે બાળ કિશોરો ગુમ થયા પરંતુ પોલીસે તાત્કાલિક સીસીટીવી કેમેરાના ફૂટેજની મદદથી પોલીસે ગણતરીના કલાકમાં બીલીમોરા રેલવે સ્ટેશનથી શોધી કાઢી માતા-પિતા સાથે મિલાપ કરાવ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તારીખ ૨-૯-૨૦૨૪ના રોજ વાપી ટાઉન પોલીસ સ્ટેશનના હદમાં આવતા નામધા ગામના બે વાલીઓએ વાપી ટાઉન પોલીસ મથકમાં આવી જણાવ્યું હતું કે તેમનો દીકરો વાપી કુંભારવાડ ખાતે આવેલ સંસ્કાર ભરતી હાઈસ્કૂલમાં ધો. ૭માં અભ્યાસ કરે છે અને જુના રેલવે ગરનાળા પાસે આવેલ જ્ઞાનસાગર સ્કૂલમાં ધો. ૩માં અભ્યાસ કરે છે અને આ બંને બાળકીશોરો વહેલી સવારના શાળામાં ગયેલ પરંતુ શાળાએથી પરત નહીં આવતા તેની ભારે શોધખોળ કરી તે પણ નહીં મળતા આખરે વાપી ટાઉન પોલીસ મથકમાં જાણ કરતા જિલ્લા પોલીસવાળા અને ડીવાયએસપી તેમજ પીઆઈ મથકના અધિકારીઓએ તાત્કાલિક પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી જરૂરી સૂચનો આપી બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, સ્કૂલો ઉપર તેમજ અન્ય વિસ્તારોમાં પહોંચી સીસીટીવી કેમેરાઓ ચેક કરાતા બંને ગુમ થયેલા બાળકિશોરો વાપી રેલવે સ્ટેશનથી સુરતની ટ્રેનમાં બેસેલ હોવાનું બહાર આવતા સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક પોલીસની ટીમ સુરત રેલવે સ્ટેશન ખાતે રવાના કરી બંને બાળકોને રેલવે સ્ટેશનથી ભરત મુંબઈ તરફ જતી ટ્રેનમાં બેસી ગયા હોવાનું બહાર આવતાં અને બીલીમોરા રેલ્વે સ્ટેશન ખાતે સંપર્ક કરતા બીલીમોરા રેલ્વે પોલીસે ગુમ થયેલા બંને બાળ કિશોરો ટ્રેનમાં મળી આવેલ છે અને રેલ્વે સ્ટેશનમાં રખાયા છે. આથી પોલીસે બંને બાળકોનો કબજો મેળવી માતા-પિતાની સાથે મિલાપ કરાવ્યો હતો.

## વાપીમાં નેપાળી આધેડની હત્યાનો ભેદ ઉકેલાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૩ :** વાપીના ટાંકી ફળિયામાં ત્રણ દિવસ પહેલા રાત્રિ દરમિયાન થયેલી એક નેપાળી આધેડની હત્યાનો ભેદ ઉકેલવામાં વાપી પોલીસને મહત્વની સફળતા મળી છે. સાથે આરોપીને પણ ઝડપી પાડ્યો.

આજે વલસાડ જિલ્લા પોલીસ વડા ડો.કરનરાજ વાઘેલા અને વાપી વિભાગના ડીવાયએસપી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગત તારીખ ૩૧મી ઓગસ્ટના રોજ રાત્રિ દરમિયાન એક ૫૩ વર્ષના આધેડ નેપાળીની મોઢા પર પથ્થર મારી ગંભીર રીતે ઘાયલ કરી શંકાસ્પદ હાલતમાં હત્યા કરાયેલ લાશ મળી આવી હતી. જે અંગે પોલીસે તપાસ કરતા આ મરનાર નજીકના બિલ્ડિંગમાં જ રહેતો હતો અને તેનું નામ દિલ બહાદુર બાલ બહાદુર કારકી ઉંમર વર્ષ ૫૩ હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે હત્યાનો ગુનો નોંધી આ વિસ્તારમાં આવેલ ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા અને કેટલાક સોશિયલ અને હ્યુમન્સની મદદથી તપાસ કરી એક સંજય નામના ઈસમ જે વાપી ગીતાનગર તેમજ ટાંકી ફળિયા વિસ્તારમાં કચરો વીણી અને એકલવાયું જીવન જીવી રહ્યો હતો. જે હોય એ દિલ બહાદુર સાથે બોલાચાલી કરી તેને પથ્થર વડે ગંભીર ઈજા કરી હત્યા કરી નાંખી હોવાનું બહાર આવતા પોલીસે તેને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

## ધરમપુરમાં ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદને લઈ શાંતિ સમિતિની બેઠક મળી





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૩ :** ધરમપુર પંથકમાં ઈદે મિલાદ તથા ગણેશ ઉત્સવ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક ડીવાયએસપી વર્મા તથા પીએસઆઈ ગૌરવ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં પીએસઆઈ ગૌરવ પટેલ જણાવ્યું હતું કે ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન કોઈ વાહન ચાલકોને અડચણ ન થાત તે માટે આયોજક એ ખાસ ધ્યાન રાખવું તથા ડીજે જોરમાં વગાડવું નહીં તથા વિસર્જન યાત્રા દરમિયાન કોઈ મહિલાને ઝડતી કરવી નહીં સુલેહ શાંતિનું ભંગ કરવું નહીં તેની તકેદારી રાખવા સૂચના આપી હતી. બામટી ગામનાં સરપંચ વિજય પાનેરિયા જણાવ્યું હતું કે બામટી ગામની માન નદી કીનારે ગણેશજી પ્રતિમાનું વિસર્જન કરવામાં આવે છે. ત્યારે નદીમાં જેને તરતા આવડતુ હોય તેવાં લોકોને નદીમાં ઉતવા સલાહ આપી હતી. જોકે ડીવાયએસપી વર્માએ પણ આયોજકો દ્વારા નદીમાં વિસર્જન કરતી વખતે તરતાં આવડતું હોય તેવાં લોકોને નદીમાં વિસર્જન કરવાની સલાહ આપી હતી. તેમજ ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન ડીજે જોરમાં ન વગાડવા સહિતની સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ સુરતમાં ગણેશજીની મૂર્તિ લાવતા તે મૂર્તિ ઝાડ સાથે અથડાતા ખંડિત થઈ હતી. જેથી આયોજકોને વરસાદ પડે છે ત્યારે ગણેશજીની મોટી પ્રતિમાઓને લાકડાં વડે વીજ તાર દૂર કરવા સાથે હાથમાં મોજાં પહેરવાં સૂચનાઓ આપી હતી. ઈદે મિલાદનું જુલૂસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય અને બંને તહેવારો દરમિયાન કોઈ અનિશ્ચિનીય ઘટના ન બને તેની તકેદારી રાખવા સૂચના આપી હતી. સમીપ રાચે જણાવ્યું હતું કે ગણેશજીની વિસર્જન યાત્રા નિમિત્તે આગળ અને પાછળ પોલીસ બંદોબસ્ત ગોઠવા માંગ કરી હતી. જોકે ડીવાયએસપી વર્માએ પણ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં ગણેશજી યાત્રા સંપન્ન થાય તે માટે આયોજકને ખાસ સૂચના આપી હતી અને કાયદો હાથમાં ન લેવાં માટે આયોજકોને પંડાણમાં દારુડીયાઓને ન બેસાડવા હાકલ કરી હતી. મુસ્લિમ સમાજના પ્રમુખ સબીર બાહનાન જણાવ્યું હતું કે અમે ઈદે મિલાદનું જુલૂસ કાઢતાં નથી આ યુપીનાં લોકો જુલૂસ કાઢે છે એ જવાબદારી અમારી નથી એમ કહેતા ડીવાયએસપી વર્માએ શાંતિથી ઈદે મિલાદનું જુલૂસ કાઢવાં જણાવ્યું હતું. આ પ્રસંગે સબીર બાહનાન પ્રમુખ મુસ્લિમ સમાજ નાઝીમ મકરાણી તાજીયા કમીટીના પ્રમુખ સબીર શેખ, ભાજપના કલ્પેશ કાપડિયા, સમીપ રાચ, ભરત પટેલ, વિજય પટેલ, પ્રવિણ આહીર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## મધુબન ડેમનાં ૮ દરવાજા ખોલાયા

**દમણગંગા નદીમાં ૪૧ હજાર ક્યુસેક પાણી છોડાયું**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા. ૦૩ :** મધુબન ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ પડવાના કારણે ડેમમાં પાણીની આવક વધી હતી. જેથી સાવચેતીના ભાગરૂપે મધુબન ડેમના ૮ દરવાજા ૧ મીટર જેટલા ખોલવામાં આવ્યા હતાં. હાલ મધુબન ડેમમાંથી કુલ ૪૧૪૩૧ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ડેમમાં પાણીની આવક ૩૧૪૬૦ ક્યુસેક જેટલી છે. હાલ મધુબન ડેમની સપાટી ૭૭.૦૫ મીટર પર સ્થિર છે.

## દાનહનાં સાંસદ કલાબેન ડેલકરે ભાજપની સદસ્યતા લીધી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૦૩ :** ભાજપ દ્વારા સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે દાનહ ભાજપ દ્વારા પણ સદસ્યતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અંતર્ગત સેલવાસ નગરપાલિકા વિસ્તારમાં કિલવણી નાકા, સ્ટેટ બેન્ક વિસ્તારમાં યોજાયેલ કાર્યક્રમમાં દાનહ સાંસદ કલાબેન ડેલકરે ભાજપની સદસ્યતા લીધી હતી. આ સાથે જ અભિનવ ડેલકરે પણ ભાજપની સદસ્યતા લીધી હતી. આ કાર્યક્રમમાં સેલવાસ નગર પાલિકા પ્રમુખ રજની શેટ્ટી, અજયભાઈ દેસાઈ અને બીજા ભાજપના કાર્યકર્તા હાજર રહ્યા હતાં.

## વાંસદામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૦૩ :** પોલીસ સૂત્રથી પ્રાપ્ત માહીતી મુજબ વાંસદાના ખાંભલાઝાપા તળાવ ફળિયા ખાતે સંજયભાઈ રમણભાઈના ઘરની પાછળ ખુલ્લી પેજારીના ભાગે જયેશ હરસિંગભાઈ ભોયા રહે. મોટીવાલઝર તા.વાંસદા, નિમેષ કાંતુભાઈ ભગરિયા રહે. ગોધાબારી તા. વાંસદા, જીતુ ભીખુભાઈ ભક્ત રહે.ચારણવાળા તા. વાંસદા, ભાવેશ રામુભાઈ પટેલ રહે. સરા ગામ તા. વાંસદા, માયકલકુમાર દશરુભાઈ પાલવા રહે.મનપુર તા. વાંસદા એકબીજાની મદદગારી થી ગંજીપાના વડે પૈસા ઉપર તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડા ૧,૦૦૦, આરોપીઓની અંગઝડતી માંથી મળી આવેલ રૂા. ૧૩,૭૮૦, મોબાઈલ નંગ ૨ કિ. રૂ. ૧૦,૦૦૦, મોટર સા. નંગ - ૨ કિં.રૂા. ૬૦,૦૦૦ મળી કુલ કિ. રૂ. ૮૪,૭૮૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ આરોપીઓ વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## લુહારીથી ૨૬ સાગના લાકડા સાથે એક ઝડપાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૦૩ :** ૩ સપ્ટેમ્બરના રોજ ફોરેસ્ટ પેટ્રોલિંગ દરમિયાન ફોરેસ્ટર સતીષ પ્રજાપતિ, ફોરેસ્ટ ગાર્ડ ભાવિષાબેન તેમજ પ્રોટેકશન વોચમેનએ લુહારી વિસ્તારમાં લાકડા કાપવાનો અવાજ સાંભળ્યો હતો. નજીક જતા ત્યાં એક વ્યક્તિ ઝાડવા કાપતા જોવા મળ્યો હતો. આ વ્યક્તિ ફોરેસ્ટ ગાર્ડને જોઈ જતા ભાગવાની કોશિષ કરી હતી. જેને ફોરેસ્ટ ગાર્ડ પકડી પાડ્યો હતો. જેની ધરપકડ કરવામાં આવી હતી જેની ઓળખ દીવાળ રુપજી કાકડ રહે. લુહારી, ઉમારયાપાડા, ખરડપાડા પંચાયત તરીકે થઈ હતી. જેની પાસેથી કુલ ૨૬ સાગના કોપીસ જપ્ત કરવામાં આવ્યા હતાં. આ મામલે આર.એફ.ઓ. કિરણ પરમારે આરોપીની ધરપકડ કરીને સેલવાસ કોર્ટમાં રજૂ કર્યો હતો. આગળની કાર્યવાહી વન વિભાગ કરી રહી છે.

## વાપીની બેંકમાંથી ચેક ચોરી અને પૈસા ઉપાડી જતો આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૩ :** બેંકોમાં જઈને છેતરપિંડી કરનાર અને અન્ય શાખાઓમાં જઈને ચેકની ચોરી કરીને અને ચેક દ્વારા પૈસા ઉપાડી લેનાર આરોપીની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી સોનાના સિક્કા અને ૧ લાખ રૂપિયાની રોકડ કબજે કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ૭ ઓગસ્ટે બેંક ઓફ બરોડા જીઆઈડીસી શાખામાંથી રૂા. ૪ લાખ અને રૂા. ૧ લાખના ચેકની ચોરી થઈ હતી. જેમાંથી એક ચેક દ્વારા બેંક ઓફ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાંથી રૂપિયા ૪ લાખ ઉપાડવામાં આવ્યા હતાં. તેવી જ રીતે ૩૦ ઓગસ્ટના રોજ પણ જીઆઈડીસી સ્થિત એક્સિસ બેંકમાંથી બે ચેકની ચોરી થઈ હતી. જેમાંથી આરોપીએ દમણ એક્સિસ બેંકમાં જઈને એક ચેક પર ૧ લાખ ૨ હજાર ૭૭૦ રૂપિયા ઉપાડી લીધા હતાં. પરંતુ

**પોલીસે આરોપીઓ પાસેથી ચાર લાખની કિંમતના સિક્કા, એક લાખની રોકડ જપ્ત કરી**

બીજો ચેક જમા કરાવતી વખતે પોલીસે તેની વાપીમાંથી ધરપકડ કરી હતી. પોલીસે આરોપીનું નામ પીયૂષ જ્ઞાનેન્દ્ર શર્મા (૩૫) રાખ્યું છે. તે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વસઈનો રહેવાસી છે. ભરૂચમાં પણ તેણે ચેકની ચોરી કરી બેંકમાંથી પૈસા ઉપાડી લીધાનું પૂછપરછમાં બહાર આવ્યું હતું.

પોલીસે આરોપીઓ પાસેથી રૂા.૪ લાખની કિંમતના બે સોનાના સિક્કા અને રૂા.૧ લાખ રોકડા કબજે કર્યા છે.

આ કેસની માહિતી આપતાં પોલીસ અધિક્ષક કરણ રાજ વાઘેલાએ જણાવ્યું હતું કે, આરોપી ખૂબ જ શાતિર છે. તે બેંકોમાં જતો અને ડ્રોપબોક્સ પાસે ઉભો રહેતો. જ્યારે લોકો ડિપોઝીટ સ્લિપ ભરે અને તેની સાથેના ડ્રોપ બોક્સમાં ચેક નાખે, ત્યારે તે નામ જોશે. જ્યારે વ્યક્તિ બેંકમાંથી બહાર નીકળે ત્યારે આરોપી બેંક સ્ટાફને જઈને કહેતો હતો કે તેણે ભૂલથી ચેક ડ્રોપ બોક્સમાં નાંખી દીધો છે. જે બાદ બેંક કર્મચારીઓ તેને ચેક આપશે. આ સિવાય તે બેંકમાં કેશિયર પાસે કોઈ કામ માટે જતો હતો અને વાતચીત દરમિયાન તક મળતાં ચેકની ચોરી કરતો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જ્યારે બેંક કર્મચારીએ ચેક પર લખેલા નામનું ઓળખ પત્ર માંગ્યું ત્યારે તે તરત જ મોબાઈલ પર અપલોડ કરાયેલા સોફ્ટવેર દ્વારા તે નામનું ઓળખ પત્ર બતાવતો હતો. પોલીસ આવા અન્ય મામલાઓ અંગે પણ તેની પૂછપરછ કરી રહી છે.

## દાદરા વિસ્તારમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિકનું ભારે વેચાણ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૦૩ :** પર્યાવરણને બચાવવા માટે સરકાર દ્વારા સિંગલ યૂઝ પ્લાસ્ટિકને પ્રતિબંધ કરવામાં આવ્યું છે. સિંગલ યૂઝ પ્લાસ્ટિકમાં પોલીથીન બેગ, પ્લાસ્ટિકક યૂઝ એન્ડ થ્રો ગ્લાસ, પ્લાસ્ટિકની પ્લેટ, ડેકોરેશનમાં વપરાતી સામગ્રીનો પણ સમાવેશ થાય છે. સરકાર દ્વારા સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.



હાલ તહેવારો ચાલી રહ્યા છે ત્યારે ડેકોરેશનમાં વપરાતા પ્લાસ્ટકના તોરણો, ફૂલો વગેરેનું ધૂમ વેચાણ દાદરા ગ્રામ પંચાયત વિસ્તારમાં થઈ રહ્યું છે. દુકાનોમાં તોરણોની જેમ લટકાવીને દુકાનદારો ધૂમ વેચાણ કરી રહ્યા છે. ત્યારે દાદરા ગ્રામપંચાયત વિસ્તારમાં સિંગલ યૂઝ પ્લાસ્ટિકના વેચાણ ઉપર અંકુશ લાગે એ જરૂરી બન્યું છે. સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં ખુલેઆમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે જે દુકાનદારો વેચાણ કરી રહ્યા છે એમના ઉપર કાર્યવાહી કરવી જરૂરી બની છે. આ મામલે દાદરા ગ્રામપંચાયત મંત્રીએ જણાવ્યું હતું કે અમે દાદરામાં સિંગલ યૂઝ પ્લાસ્ટિકના નિયમનું પાલન કરાવવા માટે કટિબદ્ધ છીએ અને આવનારા સમયમાં જે દુકાનદારો કે ઉદ્યોગકરો સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરી રહ્યા છે એમના ઉપર સખત કાર્યવાહી કરશે.

હવે જોવાનું એ રહ્યું છે કે દાદરા ગ્રામપંચાયત દ્વારા આ મામલે કાર્યવાહી કરીને સિંગલ યૂઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરનાર ઉપર કાર્યવાહી કરીને દંડ ક્યારે ફટકારવામાં આવે ?

**Wanted**
Fitter / maintanance operator for chemical plant at sarigam gidc
Contact. Sun industries plot no 1210/1214.
Email. sipvapi@hotmail.com
Cell. 9825145513

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**